RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 157* Date: 05.04.2022 Tuesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### બહાદુર જવાનોને ૫-૫ લાખનું ઈનામ જાહેર કરાયું

## અલ્લાહ-હુ-અકબરની બૂમ પાડીને હથિયાર લઈને ગોરખપુરમાં મંદિરમાં ઘૂસ્યો અબ્બાસ, પોલીસકર્મીઓ પણ ભાગ્યા

ગોરખપુર,તા.૪

ગોરખનાથ મંદિરમાં હુમલાનો અંદાજે ૩૪ સેકન્ડનો એક વીડિયો સામે આવ્યો છે. આ વીડિયો કારમાં બેઠેલી એક વ્યક્તિએ બનાવ્યો છે. વીડિયોમાં સ્પષ્ટ દેખાય છે કે હુમલાખોરના હાથમાં ધારદાર હથિયાર છે અને આસપાસના લોકો દોડી રહ્યા છે. સાંજે અંદાજે ૭ વાગ્યા ને ૨૦ મિનિટે પીએસી જવાન પર હુમલો કરવામાં આવ્યો હતો. સુરક્ષામાં તહેનાત પોલીસ ઘટનાસ્થળેથી ભાગી ગયા હતા. મંદિરમાં મુખ્ય પશ્ચિમ ગેટથી લઈને પરિસરની અંદર સુધી ૧૫ મિનિટ સુધી આ શંકાસ્પદ વ્યક્તિએ હોબાળો કર્યો હતો. મંદિર સુરક્ષામાં તહેનાત પોલીસકર્મીઓ તેના ડરથી ભાગી ગયા હતા. જોકે અંતે અનુરાગ નામના એક પોલીસકર્મીની સમજણને કારણે તે પકડાઈ ગયો હતો.એડીજી લૉ એન્ડ ઓર્ડર પ્રશાંત કુમારે જણાવ્યું હતું કે આરોપી અહમદ મુર્તજા પાસેથી જે વસ્તુઓ મળી છે એ જોતાં લાગે છે કે બહુ મોટા પાયે કાવતરું ઘડવામાં આવ્યું હતું. જે દસ્તાવેજો મળ્યા છે એ ઘણા વિવાદાસ્પદ છે. એ વાતથી ઈનકાર ના કરી શકાય કે આ આતંકી ઘટના નહોતી. એટીએસ અને એસટીએફને તપાસ સોંપવામાં આવી છે.

એસીએસ (ગૃહ) અવનીશ અવસ્થીએ જણાવ્યું હતું કે બે પીએસી અને એક પોલીસ જવાન હુમલામાં ઘાયલ થયા છે. તેમણે બહાદુરીથી હુમલાને નિષ્ફળ બનાવ્યો છે. જો હુમલાખોરે મંદિરમાં પ્રવેશ કરી લીધો હોત તો તે ભક્તોને નુકસાન પહોંચાડત. આ ત્રણેય બહાદુર જવાનોને ૫-૫ લાખ ઈનામની જાહેરાત કરવામાં આવી છે. એસએસપી એસટીએફ અભિષેક ગોરખપુર પહોંચી ગયા છે. તેમણે ઘટનાની તપાસ શરૂ કરી દીધી છે. તેમની સાથે જ નવા એડીજી એટીએસ નવીન અરોરા પણ ગોરખપુર પહોંચી જશે.

આરોપી હાથમાં હથિયાર લઈને ગોરખનાથ મંદિર અને પોલીસ સ્ટેશનના સામે વાળા રસ્તા પર દોડતો હતો. પબ્લિક અને પોલીસ તેને દોડતા જોતા હતા. આ દરમિયાન આરોપીએ અલ્લાહ-હુ-અકબરનો નારો લગાવ્યો હતો અને બૂમો પાડી પાડીને પોલીસકર્મીને અપીલ કરતો હતો કે, હું ઈચ્છું છું કે, તમે લોકો મને ગોળી મારી દો.શંકાસ્પદ આરોપી અહમદ અબ્બાસી શહેરના પ્રખ્યાત ડૉ. અબ્બાસીના પરિવારના સભ્ય છે. તે અહીં અબ્બાસી નર્સિંગ હોમ પરિસરમાં જ પરિવારની સાથે રહે છે. એટીએસ પરિવારની સાથે સાથે બાકી લોકોની પણ પૂછપરછ કરવામાં આવી રહી છે. એસએસપી ડૉ. વિપિન ટાડાએ જણાવ્યું કે, મોડી રાતે એટીએસએ તપાસ સંભાળી લીધી છે. એટીએસ અને પોલીસ ટીમ હુમલાખોર અહમદ મુર્તજા અબ્બાસીના ઘરે પહોંચી છે. તેના પિતા અને અન્ય પરિવારજનોની પૂછપરછ શરૂ કરી છે. એટીએસ તેના વિદેશી કનેક્શન પણ તપાસી રહી છે. આરોપી પાસે પાસપોર્ટ હતો કે નહીં, ક્યારેય વિદેશ ગયો છે કે નહીં તે વિશે પૂછપરછ કરવામાં આવી રહી છે. તે ઉપરાંત તેના મોબાઈલ અને લેપટોપના આઈપી એડ્રેસથી વિદેશી લોકો સાથે વાતચીત અને ફંડિંગ વગેરેની તપાસ કરવામાં આવી રહી છે.

અહમદ મુર્તજા રવિવારની સાંજે અહમદ મુર્તજા ૭ વાગે ગોરખનાથ મંદિરના ગેટ પર પહોંચ્યો હતો. તેને જોઈને સુરક્ષામાં તહેનાત પીએસી જવાન ગોવિંગ ગૌડ અને અનિલ પાસવાનને તેના પર શંકા થઈ હતી. જવાનોએ તેને ચેકિંગ માટે રોક્યો ત્યારે તેણે હથિયાર કાઢીને હુમલો શરૂ કરી દીધો હતો.પોલીસકર્મી અનિલ સાથી ગોવિંદને બચાવવા આવ્યો ત્યારે અબ્બાસીએ તેના પર પણ હુમલો કરી દીધો હતો.

બંને જવાન પર હુમલો થતાં જોઈને ગેટની અંદર ડ્યુટી પર તહેનાત સિપાહી અનુરાગ રાજપૂત ઈંસાસ રાઈફલની સાથે પહોંચ્યો તો આરોપી ભાગવા લાગ્યો હતો. ગેટ પર હાજર મંદિરના કર્મચારીઓએ આરોપીને દોડીને પકડી લીધો હતો. પૂછપરછમાં ખબર પડી કે આરોપી રવિવારે સવારે જ મુંબઈથી ગોરખપુર આવ્યો હતો. તેની પાસે ધારદાર હથિયાર અને



લેપટોપ જપ્ત કરવામાં આવ્યું છે. ઘાયલ જવાનોને ગોરખનાથ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

ઉત્તર પ્રદેશની યોગી આદિત્યનાથી સરકારે આઈપીએસ ઓફિસર નવીન અરોડાને યુપી એટીએસના પ્રમુખ બનાવ્યા છે. ગોરખનાથ મંદિરમાં વિશેષ સંપ્રદાયના યુવકો દ્વારા પોલીસકર્મીઓ પર હુમલા બાદ એટીએસ એક્ટિવ થઈ ગઈ છે.તો વળી હવે નવીન અરોડને મહત્વની મનાતી એટીએસની કમાન સોંપી દીધી છે. હકીકતમાં જોઈએ તો, એસટીએફના ચીફ અમિતાભ યશ પાસે જ એટીએસની જવાબદારી હતી. તેથી રાજ્ય સરકારે એટીએસ પ્રમુખ પદેથી તેમને કાર્યમુક્ત કરવાનો નિર્ણય કર્યો છે અને એટીએસની કમાન હવે નવીન અરોડાને સોંપી દેવામાં આવી છે. અરોડાને સીએમ યોગીના નજીકના ઓફિસર માનવામાં આવે છે. લખનઉમાં કમીશ્નરી સિસ્ટમ લાગૂ કરવાના સમયથી તેમને સંયુક્ત આયુક્ત પર નિમણૂંક કરવામાં આવ્યા હતા.

### નોટો પર નેતાગીરી નહીં ચાલે

## ધાર્મિક કે રાજકીય લખાણવાળી ચલણી નોટો રદ થશે

,નવીદિલ્હી,તા.૪

દેશમાં ચલણી નોટો પર કોઇને કોઇપણ પ્રકારના લખાણ ધાર્મિક અથવા રાજકીય પ્રકારના ચિન્હો અથવા સ્લોગન લખવાનું હવે ભારે પડી શકે છે. એક તરફ રિઝર્વ બેંક્રે ફાટેલી નોટો બદલવા અંગેનો એક નવો સરક્યુલર બહાર પાડ્યો છે જેથી સામાન્ય વ્યક્તિ અજાણતા કે અન્ય કોઇ રીતે નોટો ફાટી જાય તો બેંક્રોમાં જઇને તે વટાવી શકે છે. રૂા. ૫૦૦૦ સુધીની ફાટેલી અથવા ખરાબ થયેલી નોટો ગ્રાહક પોતાની માહિતી એક કાગળ પર આપીને તે રિફંડ કરી શકે છે અને જો તેનાથી વધુ નોટો હોય તો જે તે બેંકની કરન્સી ચેસ્ટમાં જમા કરાવવાની રહેશે અને બાદમાં ૩૦ દિવસમાં તેમના ખાતામાં આ રકમ જમા થશે મતલબ કે રુા ૫૦૦૦થી વધુ નોટો જમા કરાવનારને રોકડ વળતર મળશે નહીં. બેંક્રો ક્યા પ્રકારની નોટ સ્વીકારવાની તેની એક માર્ગરિખા આપવામાં આવી છે પરંતુ અત્યંત ખરાબ રીતે ફાટી ગયેલી કે સળગેલી નંબર ન દેખાતા હોય તેવી નોટો બેંક્રોની શાખાઓ સ્વીકારશે નહીં અને આ પ્રકારની નોટ રિઝર્વ બેંક્ર ઓફ ઈન્ડીયાને મોકલવાની રહેશે.

આ ઉપરાંત ઈરાદાપૂર્વક કોઇ નોટો ફાટેલી હોય તો તેને બદલી આપવામાં આવશે નહીં. બેંક્રો તે નોટો રદ કરી દેશે જો કે તે અંગેનો નિર્ણય જે તે બેંક્રના અધિકારી લેશે અને પૂરતી તપાસ બાદ નોટ અંગે નિર્ણય કરશે. બીજી તરફ ધાર્મિક કે રાજનીતિક સુત્રો લખેલા કે તેવા ચિન્હોવાળી નોટો બેંક્ર હવે નહીં લે. રિઝર્વ બેંક્રે ૧ એપ્રિલ ક્લીન નોટ પોલીસી જે જાહેર કરી છે તેમાં આ સુધારો કર્યો છે. રિઝર્વ બેંક્રના મુખ્ય વહીવટી અધિકારી સંજીવ પ્રકાશ દ્વારા જારી કરાયેલ એક નવા નિર્દેશનમાં ધાર્મિક કે રાજકીય સુત્રો લખેલી એક તેવા ચિન્હ સાથેની નોટો સ્વીકારવામાં આવશે નહીં અને આ પ્રકારની નોટો રદ કરી દેવાશે અને તેનું રિફંડ પણ નહીં મળે. અને જો નોટમાં કોઇ પ્રકારનું નામં કે અન્ય માહિતી લખાઈ હોય તો તેની બેંક્ર તપાસ કરશે અને તે કોઇ ભેદભાવ કે દ્વેષભર્યો સંદેશો નથી ને તે નિશ્ચીત કર્યા બાદ તેને સ્વીકારશે. આ અંગેના નિર્ણયોનો અધિકાર બેંક્રોને આપવામાં આવ્યો છે. આ ઉપરાંત કોઇ દાગ કે રંગ લાગેલ નોટ ચલણમાં રાખવાની છૂટ અપાઇ છે અને બેંક્રો તેને બદલી દેશે. પણ આ પ્રકારની નોટો ફરી ચલણમાં ન આવે તે બેંક્રોએ જોવાનું રહેશે. અને બેંક્રના રિજીયન કે જનરલ મેનેજર આ પ્રકારની નોટોની તપાસ કરીને પછી રિઝર્વ બેંક્રને મોકલી આપશે.

### મફતવાળી યોજનાઓ બંધ થઈ જશે?

## આર્થિક રીતે તે વ્યવહારું નથી જે શ્રીલંકાના રસ્તે લઈ જઈ શકે છે

,નવીદિલ્હી,તા.૪

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની વરિષ્ઠ અધિકારીઓ સાથેની બેઠકમાં કેટલાક અધિકારીઓએ અનેક રાજયો તરફથી જાહેર લોભામણી યોજનાઓ પર ચિંતા જતાવી અને દાવો કર્યો કે આર્થિક રીતે તે વ્યવહારું નથી જે તેમને શ્રીલંકાના રસ્તે લઈ જઈ શકે છે.

પીએમ મોદીએ ૭ લોક કલ્યાણ માર્ગ સ્થિત પોતાના નિવાસ સ્થાને તમામ વિભાગોના સચિવો સાથે ચાર કલાક લાંબી બેઠક યોજી. બેઠકમાં રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ, પ્રધાનમંત્રીના મુખ્ય સચિવ પી કે મિશ્રા તથા કેબિનેટ સચિવ રાજીવ ગૌબા ઉપરાંત કેન્દ્ર સરકારના અન્ય ટોચના અધિકારીઓ પણ સામેલ થયા હતા.

સૂત્રોએ જણાવ્યું કે બેઠક દરમિયાન પીએમ મોદીએ અધિકારીઓને સ્પષ્ટપણે કહ્યું કે તેઓ કમીઓના મેનેજમેન્ટની માનસિકતામાંથી બહાર નીકળી વધારાના મેનેજમેન્ટના નવા પડકારનો સામનો કરે. પીએમ મોદીએ પ્રમુખ વિકાસ યોજનાઓને નહીં લેવાના બહાના તરીકે 'ગરીબી'નો હવાલો આપવાની જૂની કહાની છોડવા તથા તેમને એક મોટો દ્રષ્ટિકોણ અપાવવા માટે કહ્યું.



કોવિડ-૧૯ મહામારી દરમિયાન સચિવોએ જે પ્રકારે સાથે મળીને એક ટીમની જેમ કામ કર્યું તેનો ઉલ્લેખ કરતા પીએમ મોદીએ કહ્યું કે તેમણે ભારત સરકારના સચિવો તરીકે કામ કરવું જોઈએ.

માત્ર પોતાના સંબંધિત વિભાગના સચિવો તરીકે નહીં પણ તેમણે એક ટીમ તરીકે કામ કરવું જોઈએ. તેમણે સચિવોને ફીડબેક આપવા અને સરકારની નીતિઓમાં ખામીઓ પર સૂચનો આપવા માટે પણ કહ્યું જેમાં એવા લોકો પણ સામેલ છે જે તેમના સંબંધિત મંત્રાલયો સાથે જોડાયેલા નથી. સૂત્રોએ કહ્યું કે ૨૪થી વધુ સચિવોએ પોતાના વિચાર પીએમ મોદીને જણાવ્યાં.

અત્રે જણાવવાનું કે ૨૦૧૪ બાદથી પીએમ મોદીની સચિવો સાથે આ ૯મી બેઠક હતી. સૂત્રોએ જણાવ્યું કે બે સચિવોએ હાલની વિધાનસભા ચૂંટણીમાં એક રાજયમાં જાહેર કરાયેલી લોભામણી યોજનાનો ઉલ્લેખ કર્યો જે આર્થિક રીતે ખરાબ સ્થિતિમાં છે. તેમણે આ સાથે જ અન્ય રાજયોમાં પણ આ પ્રકારની યોજનાઓનો હવાલો આપતા કહ્યું કે તે આર્થિક રીતે ટકાઉ નથી અને રાજયોને શ્રીલંકાના રસ્તે લઈ જઈ શકે છે.

શ્રીલંકા હાલ ઈતિહાસના સૌથી ખરાબ આર્થિક સંકટનો સામનો કરી રહ્યું છે. લોકોએ ઈંધણ, રાંધણ ગેસ માટે લાંબી લાઈનોમાં ઊભા રહેવું પડે છે. જરૂરી ચીજોની આપૂર્તિ ઓછી છે. આ સાથે જ લોકો લાંબા સમય સુધી વીજ કાપના કારણે પરેશાન છે. આવી બેઠકો ઉપરાંત પીએમ મોદીએ શાસનમાં સમગ્ર સુધાર માટે નવા વિચારોના સૂચનો આપવા માટે સચિવોના ૬ ક્ષેત્રીય સમૂહોની પણ રચના કરી છે.

## રાજસ્થાનના ઘણા ભાગોમાં અને હિમાચલ પ્રદેશ અને દિલ્હીમાં એક કે બે સ્થળોએ હીટ વેવની સ્થિતિ સર્જાય તેવી સંભાવના

નવીદિલ્હી,તા.૪

દેશના ઘણા રાજયો આ દિવસોમાં આકરી ગરમીનો સામનો કરી રહ્યા છે. ભારતીય હવામાન વિભાગે ઉત્તર ભારત, મધ્ય ભારત સહિત ઘણા રાજયોમાં ભારે વાવાઝોડાની ચેતવણી જારી કરી છે. જોકે, ચક્રવાતની રચનાને કારણે કેટલાક રાજ્યોમાં થોડા દિવસો માટે ગરમીથી રાહત મળવાની આશા છે. આ દરમિયાન કેટલાક રાજ્યોમાં વરસાદનું એલર્ટ પણ છે આઈએમડી અનુસાર, આ ૧૨૧ વર્ષ પછી બન્યું છે, જ્યારે માર્ચમાં આટલી ગરમી જોવા મળી હતી. હવે એપ્રિલમાં તાપમાન વધી રહ્યું છે.

હવામાન વિભાગે પંજાબ, બિહાર, યુપી, દિલ્હી, હરિયાણા, જમ્મુ અને હિમાચલ પ્રદેશ સિવાય ઉત્તર ભારતના ઘણા વિસ્તારોમાં હીટ વેવ એલર્ટ જાહેર કર્યું છે. દક્ષિણ-પશ્ચિમ ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, રાજસ્થાનના ભાગો, ગુજરાત, છત્તીસગઢ, ઝારખંડ અને તેલંગાણાના કેટલાક ભાગોમાં સમાન સ્થિતિ પ્રવર્તશે. પશ્ચિમ રાજસ્થાનના ઘણા ભાગોમાં અને હિમાચલ પ્રદેશ અને દિલ્હીમાં એક કે બે સ્થળોએ હીટ વેવની સ્થિતિ સર્જાય તેવી સંભાવના છે. પૂર્વ રાજસ્થાન અને ઝારખંડમાં અલગ-અલગ સ્થળોએ હીટ વેવની સ્થિતિ સર્જાઈ શકે છે.

પૂર્વોત્તર ભારત અને પશ્ચિમ બંગાળ અને સિક્કિમમાં કેટલીક જગ્યાએ હળવોથી મધ્યમ વરસાદ પડી શકે છે. ઉપ-હિમાલયન પશ્ચિમ બંગાળ અને કેરળમાં હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે. ઉત્તરપૂર્વ બિહાર, તમિલનાડુ અને આંદામાન અને નિકોબાર ટાપુઓમાં હળવા વરસાદની સંભાવના છે.

છેલ્લા ૨૪ કલાક દરમિયાન, સિક્કિમમાં છૂટાછવાયા વાદળો સાથે હળવાથી મધ્યમ વરસાદ નોંધાયો છે. ઉત્તરપૂર્વ ભારત, ઉપ-હિમાલયન પશ્ચિમ બંગાળ, આંદામાન અને નિકોબાર ટાપુઓના દક્ષિણ ભાગો અને કેરળના ભાગોમાં છૂટાછવાયા હળવાથી મધ્યમ વરસાદ નોંધાયા હતા. તે જ સમયે, તમિલનાડુમાં એક-બે જગ્યાએ હળવો વરસાદ થયો હતો.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ઝારખંડ અને આસપાસના વિસ્તારોમાં સાયક્લોનિક સરક્યુલેશન દેખાઈ રહ્યું છે. તે જ સમયે, ઝારખંડથી ઉત્તર ઓરિસ્સા સુધી એક ખાડો યથાવત છે. આ ઉપરાંત, અન્ય એક ચાટ તેલંગાણાથી આંતરિક તમિલનાડુ સુધી રાયલસીમા સુધી અને નીચલા સ્તરે આંતરિક કર્ણાટક સુધી વિસ્તરેલી જોવા મળે છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને ઉત્તર પાકિસ્તાન પર ચક્રવાતી પરિભ્રમણ તરીકે જોવામાં આવી રહ્યું છે. પશ્ચિમ રાજસ્થાન અને અડીને આવેલા મધ્ય પાકિસ્તાન પર પ્રેરિત ચક્રવાતી પરિભ્રમણ છે. ૫ એપ્રિલની આસપાસ દક્ષિણ આંદામાન સમુદ્રમાં ચક્રવાતી પરિભ્રમણ રચાય તેવી સંભાવના છે. ૬ એપ્રિલ સુધીમાં તે જ વિસ્તારમાં ફરીથી નીચા દબાણનું ક્ષેત્ર વિકસિત થવાની સંભાવના છે.

## દેશમાં કોરોનાના નવા ૯૧૩ કેસ, ૧૩ લોકોના મોત

નવીદિલ્હી,તા.૪

દેશમાં કોરોનાના નવા ૯૧૩ નવા કેસ નોંધાયા છે, જેનાથી કોવિડના કુલ કેસોની સંખ્યા ૪૩, ૦૨૯,૦૪૪ થઈ ગઈ છે. સક્રિય કેસની વાત કરીએ તો, તે ૧૨,૫૯૭ કેસ પર પહોચ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં ૧૩૧૬ લોકો કોરોનાથી સાજા થયા છે. અત્યાર સુધીમાં કુલ ૪૨,૪૯૫,૦૮૯ લોકો કોરોનાથી સાજા થયા છે. છેલ્લા ૨૪ કલાકમાં, કોરોનાને કારણે ૧૩ લોકોના મોત, અત્યાર સુધીમાં કુલ ૫૨૧,૩૫૮ લોકોના મોત થયા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૨,૮૪,૦૭૩ રસીકરણ થયા છે. અત્યાર સુધીમાં કુલ ૧,૮૪,૭૦,૮૩,૨૭૯ રસીકરણ કરવામાં આવ્યું છે.

નોંધપાત્ર વાત એ છે કે, વિશ્વ આરોગ્ય સંસ્થાએ તેના તાજેતરના અહેવાલમાં માહિતી આપી છે કે યુકેમાં કોવિડ-૧૯નું નવું સ્વરૂપ જોવા મળ્યું છે. એ પણ કહ્યું કે એકસઈ નામનું આ નવું વેરિઅન્ટ કોરોનાના કોઈપણ પ્રકાર કરતાં વધુ ચેપી હોઈ શકે છે.એકસઈએ બીએ'૧ અને બીએ.૨ ઓમિક્રોનનું 'રિકોમ્બિનન્ટ' પરિવર્તન છે.

## જમ્મુ અને કાશ્મીરના પૂંચમાં આતંકવાદી ઠેકાણાનો પર્દાફાશ, બે એકે-૪૭ એસોલ્ટ રાઈફલ મળી

શ્રીનગર,તા.૪

સુરક્ષા દળોએ જમ્મુ અને કાશ્મીરના પુંછ જિલ્લામાં નિયંત્રણ રેખા પર એક ઓપરેશન દરમિયાન એક આતંકવાદી ઠેકાણાનો પર્દાફાશ કર્યો હતો. સેનાએ ઠેકાણામાંથી હથિયારો અને દારૂગોળો જપ્ત કર્યો છે. સંરક્ષણ સૂત્રોએ જણાવ્યું કે, સેનાના જવાનો અને જમ્મુ અને કાશ્મીર પોલીસના સ્પેશિયલ ઓપરેશન ગ્રુપે પૂંચ જિલ્લામાં અંકુશ રેખા પાસે નૂરકોટ વિસ્તારમાં સંયુક્ત ઓપરેશન હાથ ધર્યું હતું.

સૂત્રોએ જણાવ્યું હતું કે, "ચોક્કસ માહિતીના આધારે ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. આ ઓપરેશન દરમિયાન એક આતંકવાદી ઠેકાણાનો પર્દાફાશ કરવામાં આવ્યો હતો અને હથિયારો અને દારૂગોળો મળી આવ્યો હતો." માહિતી અનુસાર, આ ઠેકાણામાંથી જપ્ત કરાયેલા હથિયારોમાં બે મેગેઝીન અને ૬૩ રાઉન્ડ સાથેની બે એકે-૪૭ રાઈફલ, એક ૨૨૩ બોરની એકે આકારની બંદૂક, બે મેગેઝીન અને ૨૦ રાઉન્ડ અને એક મેગેઝીન સાથેની એક ચાઈનીઝ પિસ્તોલનો સમાવેશ થાય છે. રાઉન્ડ સામેલ છે. અધિકારીઓએ જણાવ્યું કે ચોક્કસ માહિતીના આધારે રવિવારે મોડી સાંજે શરૂ કરવામાં આવેલા ઓપરેશન દરમિયાન કોઈની ધરપકડ કરવામાં આવી નથી.

તાજેતરમાં જ જમ્મુ-કાશ્મીરના સોપોરમાં પેટ્રોલ બોમ્બ ફેંકીને સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સના બંકર પર હુમલો કરનાર મહિલાની ધરપકડ કરવામાં આવી છે. આ માહિતી પોલીસ અધિકારીઓએ આપી હતી. તેણે કહ્યું કે હુમલાના થોડા કલાકોમાં જ મહિલાની ઓળખ થઈ ગઈ અને પછી સુરક્ષા કર્મચારીઓએ તેની ધરપકડ કરી.

## તંત્રી સ્થાનેથી...

# બેંક્રો પરના પ્રતિબંધોના કારણે રશિયામાં આયાત-નિકાસના કારોબારમાં મુશ્કેલી

**અમેરિકા અને ચીન પછી ભારત વિશ્વમાં સૌથી વધારે ક્રૂડ ઓઇલનો ઉપયોગ કરનારો દેશ છે અને તેમાંથી ૮૦% જથ્થાની ભારતે આયાત કરવી પડે છે. ૨૦૨૧ના વર્ષમાં ભારતે રશિયામાંથી ૧.૨ કરોડ બેરલ ઓઇલની આયાત કરી હતી, જે દેશની કુલ આયાતનું માત્ર ૨% જેટલું થાય છે. ગત વર્ષે ભારતે સૌથી વધુ ખનીજ તેલ મધ્યપૂર્વમાંથી જ આયાત કર્યું છે, જ્યારે અમેરિકા અને નાઇજીરિયામાંથી પણ ઠીક ઠીક પ્રમાણમાં આયાત કરી છે. જાન્યુઆરી અને ફેબ્રુઆરીના મહિનામાં ભારતે રશિયામાંથી ખનીજ તેલની આયાત કરી નહોતી. પરંતુ માર્ચ અને એપ્રિલ મહિનામાં આયાત કરવા માટેના કરાર થયા છે, તેના મારફત ૬૦ લાખ બેરલની આયાત થશે. જોકે ભારત સરકારનું કહેવું છે કે રશિયામાંથી ખનીજ તેલની આયાત વધારવામાં આવે તો તે પછી પણ "તે કુલ આયાતમાં માત્ર ટીપાં જેટલી જ રહેશે, બહુ જ ઓછી".**

**રશિયાએ યુક્રેન પર આક્રમણ કર્યું તે પછી રશિયાના યુરલ ક્રૂડ ઓઇલ માટેની માગ ઘટી ગઈ હતી અને તેના ભાવમાં ઘટાડો થયો છે. ભારતે ચોક્કસ કયા ભાવે ખરીદી કરી છે તે આપણે જાણતા નથી, પણ ગયા અઠવાડિયે યુરલ ઓઇલમાં બ્રેન્ટ ક્રૂડ પ્રાઇસ પ્રમાણે ડિસ્કાઉન્ટ વધીને બેરલદીઠ ઇં૩૦ સુધી પહોંચ્યું છે. સામાન્ય રીતે યુરલ ઓઇલ અને બ્રેન્ટ ઓઇલના ભાવ સરખા રહેતા હતા. પરંતુ યુરલ ઓઇલના ભાવો ઘટતા જ રહ્યા છે અને માર્ચમાં એક તબક્કે યુરલ ઓઇલના ભાવ બ્રેન્ટ સામે સૌથી ઓછા વિક્રમી સ્તરે પહોંચી ગયા છે. આના કારણે ભારત અને ચીન ડિસ્કાઉન્ટ ભાવે રશિયામાંથી સારું એવું ક્રૂડ ઓઇલ ખરીદે તેવી શક્યતા છે.**

**ભારતની રિફાઇનરી રશિયામાંથી સસ્તા ભાવે ઓઇલ આયાત તો કરે છે, પરંતુ તેની ચુકવણી માટેની સમસ્યા છે, કેમ કે રશિયાની બેંક્રો પર પ્રતિબંધો લાગેલા છે. બેંક્રો પર પ્રતિબંધોને કારણે બંને તરફી વેપારમાં મુશ્કેલીઓ આવી રહી છે. રશિયામાં નિકાસ કરનારા ભારતના નિકાસકારોએ હાલમાં ઇં૫૦ કરોડ ડોલર જેટલાં નાણાં મેળવવાના છે. ભારત આમાંથી એક માર્ગ એવો કાઢવા માગે છે બંને દેશોના ચલણથી વેપાર કરવામાં આવે. તે પ્રમાણે રશિયામાંથી વેપારીઓ ભારતના નિકાસકારોને ડોલર કે યુરોના બદલે રૂબલમાં ચુકવણી કરી શકે છે. ફેબ્રુઆરી મહિનાથી ભારતે અમેરિકામાંથી આયાત થતા ખનીજ તેલનું પ્રમાણ પણ ઘણું વધાર્યું છે. જોકે લાંબો સમય સુધી અમેરિકામાંથી વધારે આયાત થઈ શકે તેમ નથી, કેમ કે અમેરિકા પોતાને ત્યાં ઉત્પાદિત થતા ખનીજ તેલને સ્થાનિક ધોરણે વાપરવા માગે છે, જેથી યુક્રેન-યુદ્ધ રશિયામાંથી ઘટેલી આયાતની ઊણપને પૂરી કરી શકાય.**

**એવી પણ ચર્ચા છે કે ઈરાન સાથેના વેપાર પણ શરૂ થઈ શકે છે, કેમ કે રશિયાની જેમ જ ઈરાન સાથે પણ બાર્ટર સિસ્ટમથી ખનીજ તેલની આયાત થઈ શકે છે. અમેરિકાએ ત્રણ વર્ષ પહેલાં ઈરાન પર નવેસરથી પ્રતિબંધો મૂક્યા તેના કારણે આ રીતે બાર્ટર સિસ્ટમથી થતો વેપાર અટક્યો હતો. જોકે અણુ કાર્યક્રમના સંદર્ભમાં ઈરાન સાથે આંતરરાષ્ટ્રીય સમજૂતીની દિશામાં પ્રગતિ થાય તે પછી જ આ રીતે ઈરાન સાથે વેપાર થઈ શકે તેમ છે. પશ્ચિમ તરફથી પ્રતિબંધો કડક કરવામાં આવી રહ્યા છે ત્યારે રશિયા પોતાના ખનીજ માટે નવા ગ્રાહકો શોધી રહ્યું છે અને ભારત તેનો ફાયદો ઉઠાવીને ઓછા ભાવે મળી રહેલા રશિયન ઓઇલની આયાત વધારી રહ્યું છે. અમેરિકાનું કહેવું છે કે ખનીજ તેલની આયાત પર પ્રતિબંધો લાગુ પડતા નથી, પરંતુ રશિયાને સમર્થન આપવું, એ દેખીતી રીતે જ વિનાશ વેરી રહેલા આક્રમણને સમર્થન આપવા બરાબર છે.**

**સામાન્ય રીતે જોઈએ તો કુદરતી આફત આવે કે યુધ્ધ થાય તો તેમાંથી મોંઘવારી જન્મે છે. પરંતુ તે ઘણાં લાંબા સમયે અસર કરે છે. આજે ગરીબ વર્ગ અને મધ્યમ વર્ગનો માણસ મોંઘવારી સામે લાચાર બની ગયો છે.**

# શ્રીલંકા આર્થિક કટોકટીના કારણે જ ડૂબી જવાના વાસ્તવિક કારણો

(૧) શ્રીલંકાની સરકારી યોજનાઓ અને કાર્યોની વાહવાહી કરાવવા સરકાર મીડિયાને બેફામ જાહેરાતો આપતી હતી...

(૨) જન પ્રતિનિધિઓ પ્રજાના ટેક્ષના મોટા ભાગનાં નાણાં પોતાના પગાર અને સુવિધાઓ ભોગવવામાં વાપરી નાખતાં હતાં...

(૩) સરકારનું દેવું એટલું વધી ગયું છે કે ટેક્ષની આવક વ્યાજ ચૂકવવામાં જ વાપરાઇ જતી હતી..

(૪) શ્રીલંકામાં સિંહાલીઓ પોતાની બહુમતીનાં જોરે તમિલો અને મુસ્લિમો પર અન્યાય કરતાં હોવાથી તમિલ અને મુસ્લિમ બુદ્ધિધન વિદેશ સ્થાયી થવા લાગ્યુ હતું...

(૫) તમિલ ટાઇગર્સને મ્હાત આપ્યા પછી શ્રીલંકાનું સિંહાલી યુવાધન સર્જન/શિક્ષણ/શાંતિનાં સ્થાને ઘર્ષણ/હિંસા/બદલાની ભાવનાથી ખદાબદી ગયું હતું...

(૬) સરકારે છેલ્લા કેટલાક સમયથી ફરજીયાત સેવાઓ એટલે કે વાહનવ્યવહાર ટ્રેન - બસ - હવાઇ મુસાફરી, લાઇટ, ઇંધણ, સંચાર, શિક્ષણ, આરોગ્ય સેવાઓનું ખાનગીકરણ કરી નાખ્યું હતું... જે કંપનીઓ રાજકીય પક્ષોને ડોનેશન આપી પ્રજાને બેફામ લૂંટતી હતી...

(૭) શ્રીલંકન સરકારની મૂડીવાડી અને ખાનગીકરણ નીતિને કારણે શ્રીલંકામાં ૫% લોકો અતિ ધનવાનતો બની ગયા પણ થોડો થોડો ટેક્ષ ભરી દેશને આર્થિક રીતે સમૃદ્ધ રાખતો મધ્યમવર્ગ નાબુદ થઇ ગયો અને ગરીબવર્ગને સરકારી લાભો આપવામાં સરકારની તિજોરીઓ ખાલી થઇ ગઇ...

(૮) શ્રીલંકાની આયાત દેશની નિકાસ કરતાં અનેકગણી વધી જવા પામી હતી...

હવે, ઉપરોક્ત બાબતો ચકાસી શ્રીલંકાની સરખામણી ભારત સાથે કરી શકો છો... આપણે ક્યાં જઇ રહ્યા છીએ..? બાકી, આપ સૌ બુદ્ધિમાન છો..??

- નિમિષ શાહ, સંસ્થાપક : સત્યાગ્રહી પરિવાર, ગુજરાત...

## સોના-ચાંદી, ક્રૂડ તેલના વાયદાના ભાવમાં સીમિત રેન્જમાં ઘટાડો

# કોટનનો વાયદો રૂ.૧૦૦ વધી રૂ.૪૨,૨૫૦ના સ્તરે: મેન્થા તેલ, રબરમાં સુધારાનો સંચાર: બુલડેક્સ વાયદામાં ૧૦૫ પોઈન્ટની મૂવમેન્ટ

મુંબઈ:

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં શુક્રવારે પ્રથમ સત્ર સુધીમાં ૧,૪૯,૬૦૦ સોદાઓમાં કુલ રૂ.૧૨,૧૫૮.૮૯ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓના સૂચકાંક બુલડેક્સના એપ્રિલ વાયદામાં ૧૦૫ પોઈન્ટની મૂવમેન્ટ રહી હતી.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૫૬,૪૧૩ સોદાઓમાં કુલ રૂ.૩,૧૫૫.૧૪ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૧,૨૨૪ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૧,૨૫૦ અને નીચામાં રૂ.૫૧,૨૦૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૧૭ ઘટી રૂ.૫૧,૨૨૭ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની એપ્રિલ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૨૮ ઘટી રૂ.૪૧,૧૩૭ અને ગોલ્ડ-પેટલ એપ્રિલ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૮ ઘટી રૂ.૫,૧૧૯ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૧,૨૦૯ના ભાવે ખૂલી, રૂ.૯૪ ઘટી રૂ.૫૧,૧૭૦ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૬૬,૭૩૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૭,૧૦૦ અને નીચામાં રૂ.૬૬,૫૦૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ. ૨૨ ઘટી રૂ.૬૬,૭૧૧ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ. ૫૩ ઘટી રૂ.૬૬,૮૯૯ અને ચાંદી-માઈક્રો એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૬૯ ઘટી રૂ.૬૬,૯૦૨ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૫,૬૭૦ સોદાઓમાં રૂ.૧,૦૮૭.૯૭ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ એપ્રિલ વાયદો ૧ કિલોદીઠ રૂ.૧.૭૦ વધી રૂ.૨૮૨.૩૦ અને જસત એપ્રિલ વાયદો રૂ.૬.૦૫ વધી રૂ.૩૬૨ના ભાવ થયા હતા. આ સામે તાંબુ એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૦.૭૦ ઘટી રૂ.૮૧૫.૫૦ અને નિકલ એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૫૨.૨ વધી રૂ.૨,૫૦૦ તેમ જ સીસું એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૦.૦૫ વધી રૂ.૧૮૭ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૩૬,૮૩૪ સોદાઓમાં કુલ રૂ.૨,૯૫૧.૦૫ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ એપ્રિલ વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૭,૫૫૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭,૬૨૧ અને નીચામાં રૂ.૭,૪૩૮ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૧૭ ઘટી રૂ.૭,૫૪૨ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ એપ્રિલ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૮.૮૦ ઘટી રૂ.૪૨૮.૭૦ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧,૩૨૪ સોદાઓમાં રૂ.૧૩૫.૭૧ કરોડનાં કામકાજ થયા હતા. કોટન એપ્રિલ વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૪૨,૨૫૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૪૨,૫૩૦ અને નીચામાં રૂ.૪૨,૧૦૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૦૦ વધી રૂ.૪૨,૨૫૦ના સ્તરે પહોંચ્યો હતો. રબર એપ્રિલ કોન્ટ્રેક્ટ ૧૦૦ કિલોદીઠ રૂ.૧૭,૮૨૦ના ભાવે ખૂલી, રૂ.૮ વધી રૂ.૧૭૭૮૧ બોલાઈ રહ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં એપ્રિલ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૩૮ વધી રૂ.૧૧૪૦.૫૦ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં ૧૧,૭૯૨ સોદાઓમાં રૂ.૧,૭૭૦.૫૪ કરોડનાં ૩,૪૩૯.૯૧૪ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં ૪૪,૬૨૧ સોદાઓમાં કુલ રૂ.૧,૩૮૪.૬૦ કરોડનાં ૨૦૬.૭૩૯ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં ૨૧,૨૪૪ સોદાઓમાં રૂ.૧,૮૪૭.૯૧ કરોડનાં ૨૪,૫૩,૨૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં ૧૫,૫૯૦ સોદાઓમાં રૂ.૧,૧૦૩ કરોડનાં ૨૫૫૦૩૭૫૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં ૭૨૫ સોદાઓમાં રૂ.૧૦૬.૯૭ કરોડનાં ૨૫૨૫૦ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં ૫૯૨ સોદાઓમાં રૂ.૨૮.૬૨ કરોડનાં ૨૫૩.૦૮ ટન, રબરના વાયદાઓમાં ૭ સોદાઓમાં રૂ.૦.૧૨ કરોડનાં ૭ ટનના વેપાર થયા હતા. ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૨૦,૨૨૧.૯૦૯ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૩૫૮.૫૯૨ ટન, ક્રૂડ તેલમાં ૫૬૩૪૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૧૨૧૮૬૨૫૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૧૩૮૯૭૫ ગાંસડી, મેન્થા તેલમાં ૪૨૬.૯૬ ટન, રબરમાં ૬૮ ટન ના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં ૫૬૫ સોદાઓમાં રૂ.૪૭.૭૪ કરોડનાં કામકાજ થયાં હતાં, જેમાં બુલડેક્સ વાયદામાં ૫૬૫ સોદાઓમાં રૂ.૪૭.૭૪ કરોડનાં ૨૫૫ લોટ્સના વેપાર થયા હતા. ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે બુલડેક્સ વાયદામાં ૨૫૧.૬ લોટ્સના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ એપ્રિલ વાયદો ૧૫,૦૧૮ના સ્તરે ખૂલી, ઊપરમાં ૧૫,૦૩૧ અને નીચામાં ૧૪,૯૨૬ના સ્તરને સ્પર્શી, ૧૦૫ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૨૩ પોઈન્ટ ઘટી ૧૪,૯૭૭ના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર ૪૮૭૯૪ સોદાઓમાં રૂ.૪,૭૮૧.૨૮ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનાના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૦૬.૬૮ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૪૬.૯૦ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૪,૧૫૭.૭૭ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩૬૯.૧૭ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ. ૧૪૧.૮૪ કરોડનું થયું હતું. સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં ક્રૂડ તેલ એપ્રિલ રૂ.૮,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૯૨.૨૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૧૫.૨૦ અને નીચામાં રૂ.૧૬૨.૯૦ રહી, અંતે રૂ.૩૦ ઘટી રૂ.૧૮૬.૫૦ થયો હતો. જ્યારે નેચરલ ગેસ એપ્રિલ રૂ.૪૩૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૮ ખૂલી, ઊપરમાં રૂ.૩૦.૧૫ અને નીચામાં રૂ.૨૫.૫૦ રહી, અંતે રૂ.૩.૯૫ ઘટી રૂ.૨૬.૩૦ થયો હતો. સોનું મે રૂ.૫૨,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૭૭૨.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૮૦૦ અને નીચામાં રૂ.૭૦૬ રહી, અંતે રૂ.૨૦.૫૦ ઘટી રૂ.૭૭૧.૫૦ થયો હતો. આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ એપ્રિલ રૂ.૭,૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૩૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૩૮૮.૪૦ અને નીચામાં રૂ.૩૦૪ રહી, અંતે રૂ.૮.૭૦ ઘટી રૂ.૩૩૪.૮૦ થયો હતો. જ્યારે સોનું મે રૂ.૫૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૧૨ ખૂલી, ઊપરમાં રૂ.૩૯૦ અને નીચામાં રૂ.૩૧૨ રહી, અંતે રૂ.૩૪ વધી રૂ.૩૫૨.૫૦ થયો હતો. નેચરલ ગેસ એપ્રિલ રૂ.૪૩૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૨.૧૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૮ અને નીચામાં રૂ.૨૨ રહી, અંતે રૂ.૪.૨૫ વધી રૂ.૨૭.૪૫ થયો હતો.

# જ્ઞાન ભક્તિ = મુક્તિ

એક આંધળો અને એક લંગડો વ્યક્તિ હતા.આ બંન્ને મેળામાં જવાનું વિચારતા હતા પરંતુ બંન્ને શારીરિકરૂપથી અપૂર્ણ હતા તેથી મેળામાં જઇ શકતા ન હતા.ઘણો જ વિચાર કર્યા બાદ તેમને એક વિચાર સુઝ્યો.લંગડો આંધળાના ખભા ઉપર બેસીને આંધળાને રસ્તો બતાવવા લાગ્યો અને આમ બંન્ને મેળામાં પહોચી ગયા.જો આ બંન્ને ભેગા ના મળ્યા હોત તો મેળામાં ના પહોચી શક્યા હોત.આજના માનવની હાલત પણ આવી જ છે, તે ભક્તિ તો કરે છે પરંતુ બ્રહ્મવેત્તા સદગુરૂ પાસેથી જ્ઞાન પ્રાપ?ત ન કરવાના કારણે તેની હાલત પેલા આંધળાના જેવી છે કે જે મુક્તિ મેળવવા ઇચ્છે છે પરંતુ જ્ઞાનચક્ષુ ના હોવાના કારણે તે કર્મકાંડ કરે છે પરંતુ તે મુક્ત થવાના બદલે માયામાં ફસાતો જાય છે. તેની આવી અવસ્થા વિશે વર્ણન કરતાં યુગપુરૂષ બાબા અવતારસિંહજી મહારાજે પ્રસિદ્ધ ગ્રંથ અવતારવાણીમાં કહ્યું છે કે.. આજે માનવ સમજે છે કે પાઠ અને પૂજા કરવાથી,જન્મ-મરણના કાળ ચક્રથી અમોને પાર લગાવી દેશે પરંતુ જયાં સુધી માનવને સદગુરૂના માધ્યમથી નિરાકાર પ્રભુ પરમાત્માનું જ્ઞાન પ્રાપ?ત થતું નથી ત્યાં સુધી તે ગમે તેટલા કર્મ કે ભક્તિ કરે તેમછતાં મનુષ?યને મુક્તિ મળતી નથી. વૈરાગ્યમાં સુખ છે પરંતુ મુક્તિ તો બ્રહ્મજ્ઞાનથી જ સંભવ છે.

જ્યાં સુધી પ્રભુનાં દર્શન ના થાય,પરમાત્માની અપરોક્ષાનુભૂતિ ના થાય ત્યાં સુધી મનમાં વિશ્વાસ આવતો નથી,જ્યાં સુધી વિશ્વાસ આવતો નથી ત્યાં સુધી પ્રભુની સાથે પ્રેમ સંભવ નથી.પ્રેમ વિના ભક્તિ અને ભક્તિ વિના ભવસાગર પાર કરી શકાતો નથી. ક્ષોત્રિય બ્રહ્મનિષ?ઠ તત્વદર્શી સદગુરૂ જ પરમાત્માનાં દર્શન કરાવી શકે છે, તે જ મનમાં વિશ્વાસ કરાવે છે અને તે જ પ્રેમનું શિક્ષણ પ્રદાન કરે છે એટલે સદગુરૂ વિના ભક્તિ સંભવ નથી અને જે આવી ભક્તિ કરે છે તેને પાછળથી પછતાવું પડે છે. સદગુરૂની કૃપાથી જે વ્યક્તિ અવિનાશી પ્રભુની ઓળખાણ કરી લે છે તેનું અવશ્ય કલ્યાણ થાય છે કારણ કેઃ ગુરૂની



કૃપાળું કરૂણાપૂર્ણ દ્રષ?ટ્રિ તેનો ઉધ્ધાર કરી દે છે.

મનુષ?યને જો સદગુરૂની કૃપાથી બ્રહ્મજ્ઞાનની પ્રાપ?તિ થઇ જાય પરંતુ તેનામાં જો ભક્તિ ના આવે તો તેની દશા પેલા લંગડાની જેમ અપૂર્ણ છે કે જે મેળામાં જવાનું ઇચ્છે છે પણ જઇ શકતો નથી.ભક્તિરૂપી પગ ના હોવાથી તે ચાલી શકતો નથી.

ગોસ્વામી તુલસીદાસજી મહારાજ રામાયણમાં કહે છે કે જાણ્યા વિના વિશ્વાસ પ્રાપ?ત થતો નથી, વિશ્વાસ પ્રાપ?ત થયા વિના, પ્રિતિ પ્રાપ?ત થયા વિના ભક્તિમાં દ્રઢતા આવતી નથી અને જ્યાં સુધી પ્રિતિ પ્રાપ?ત ન થઇ હોય ત્યાં સુધી જેમ જળના પોતાના સુકાઇ જવાના સ્વભાવના લીધે લાંબા કાળ સુધી ચિકાશ તેને સાથે દ્રઢ થતી નથી.

વેદો તથા પુરાણો કહે છે કેઃ જેમ કરોડો યત્ન કરવા છતાં પણ ગુરૂ તથા વૈરાગ્ય વિના જ્ઞાન મળતું નથી. એ રીતે વેદ અને પુરાણ કહે છે કેઃ શ્રી હરિની ભક્તિ વિના સુખ મળતું નથી. સ્વાભાવિક સંતોષ વિના શાંતિ મળતી નથી, સંતોષ વિના વાસના નષ?ટ થતી નથી અને જ્યાં સુધી વાસના હોય ત્યાં સુધી સ્વપ?નમાં પણ સુખ મળતું નથી.તત્વજ્ઞાન વિના સમભાવ આવતો નથી, શ્રધ્ધા વિના ધર્મનું આચરણ સંભવ નથી. પ્રભુની ભક્તિ વિના જન્મ-મૃત્યુનો ભય દૂર થતો નથી. વિશ્વાસ વિના ભક્તિ થઇ શકતી નથી, ભક્તિ વિના પ્રભુ કૃપા પામી શકાતી નથી અને પ્રભુ કૃપા વિના જીવ સ્વપ?નમાં પણ શાંતિ પામતો નથી..

ગુરૂજ્ઞાનથી પલભરમાં જિજ્ઞાસુઓનો ઉધ્ધાર થઇ જાય છે એ વાતમાં કોઇ સંદેહ નથી. આપણે એ વાતનો પણ સ્વીકાર કરીએ છીએ કે મોટા-મોટા ઋષિમુનિઓએ હજારો વર્ષ તપ કરવા છતાં પણ પ્રભુનાં દર્શન કરી શક્યા ન હતા તેમજ તેમની મુક્તિ થઇ ન હતી કારણ કે પોતાના પ્રયત્નોથી હજારો તો શું લાખો વર્ષો સુધી કર્મકાંડ કરવાથી પણ પ્રભુનાં દર્શન થતાં નથી પરંતુ જ્યારે હરિ-ગુરૂની કૃપા થાય છે તો પ્રભુ દર્શન ક્ષણમાં થઇ જાય છે કારણ કે અચિરેણ અધિગચ્છતિ...આવું ગીતાનું વચન છે એટલે કે પ્રભુ દર્શનમાં વાર લાગતી નથી. ભગવાન શ્રી કૃષ?ણ ગીતામાં કહે છે કે પ્રેમી ભક્તોનો હું મૃત્યુંરૂપી સંસાર સાગરથી શીઘ્ર ઉધ્ધાર કરવાવાળો બની જાઉં છું તથા મારામાં આવિષ?ટ ચિત્તવાળા ભક્તોનો હું મૃત્યુરૂપી સંસાર સાગરથી શીઘ્ર ઉધ્ધાર કરવાવાળો બની જાઉં છું.

તત્વજ્ઞાનનો અર્થ ફિલોસોફી નથી.તત્વજ્ઞાનનો અર્થ વિચારશાસ્ત્ર,દર્શનશાસ્ત્ર પણ નથી કારણ કે ફિલોસોફીનો અર્થ થાય છે ચિંતન,મનન,વિચારણ,માનસિક રીતે વિચારેલું એવો થાય છે જ્યારે તત્વજ્ઞાનનો અર્થ વાસ્તવિક જાણેલું,દર્શન,સાક્ષાત્કાર,અનુભૂતિ એવો થાય છે. કોઇ વ્યક્તિ ગમે તેટલું વિચારે પણ તેના વિચારોથી તે ક્યાંય પહોચી શકતો નથી.માણસ જેટલું વિચારે તેટલા તેટલા શબ્દોનો સંગ્રહ વધે છે પરંતુ તેને પરમાત્માની પ્રતિતિ કે ઓળખાણ થતી નથી. વિચારવું સહેલું છે જયારે જાણવું કઠણ છે કારણ કે વિચારવા માટે પોતાને બદલવાની કોઇ જરૂર પડતી નથી જયારે જાણવા માટે પોતાને બદલવું અનિવાર્ય છે.

એક આંધળો માણસ પ્રકાશના વિશે વિચારે તે ફિલોસોફી છે અને આ આંધળા માણસની આંખોનો ઇલાજ કરવામાં આવે અને તે પ્રકાશને જોઇ લે તે તત્વજ્ઞાનનું પ્રતિક છે તેવી જ રીતે કોઇ વ્યક્તિ પ્રેમના વિશે ઘણું જ વિચારે આમ હોવા છતાં જ્યાંસુધી તે પ્રેમમાં ડૂબતો નથી ત્યાં સુધી તેને પ્રેમની ખબર પડતી નથી. ઘણીવાર જે પ્રેમમાં ડૂબે છે તેને પ્રેમના વિશે કશું વિચાર્યુ પણ ના હોય તેવું પણ બને છે.

ઘણા લોકો ઇશ્વરના વિશે વિચારતા હોય છે અને આવા વિચારને જ એમ સમજતા હોય છે કે મને અનુભવ થઇ રહ્યો છે પરંતુ ફક્ત વિચારવું એ અનુભવ નથી તેનાથી ધારણા બાંધે છે અને સત્ય અને અધ્યાત્મથી દૂર ચાલ્યા જાય છે.વિચારો એ શબ્દોનો સમુહ છે.

ભક્તિના માટે માનવના હૃદયમાં પ્રેમ હોવો આવશ્યક છે કારણ કે પ્રેમ વિના ભક્તિ અપૂર્ણ છે અને ભક્તિ વિના માનવ એક મડદા સમાન છે. જા ઘટ પ્રેમ ના સંચરે સો ઘટ જાન મસાન, જૈસે ખાલ લોહારકી સાંસ લેત બિન પ્રાણ.. પ્રેમ વિના માનવ લુહારની ધમણ જેવો છે કે જે શ્વાસ લે છે ત્યારે એવો આભાસ થાય છે કે કોઇ જીવિત પ્રાણી શ્વાસ લઇ રહ્યો હોય પરંતુ તેનામાં પ્રાણ હોતો નથી.

જો માનવમાં પ્રેમ સત્કાર નથી તો ભક્તમાર્ગમાં ક્યારેય આગળ વધી શકતો નથી.જ્ઞાની હોવા છતાં પણ તેનું પતન થાય છે.આ વિશે અવતારવાણીમાં કહ્યું છે કે સાચા સાધુ સંત હરિના એક જ વાત સમજાવે છે કે જ્ઞાની પણ જો ભક્તિ છોડે તો તે અંત સમયમાં પછતાય છે એટલે માનવે જ્ઞાનની સાથે સાથે ભક્તિને પણ સમાનરૂપથી પોતાના આચરણમાં લાવવી જોઇએ જેથી જ્ઞાન રસ્તો બતાવે અને ભક્તિમય જીવન જીવવાથી આપણે મુક્તિનો આનંદ મેળવી આલોક અને પરલોક સુખી કરી શકીએ.

ભગવાન અને ભક્તને જોડનારી કડી ભક્તિ છે.ભગવાન દરેક જગ્યાએ વ્યાપક છે તેમ ભક્તિ પણ દરેક જગ્યાએ,દરેક પરિસ્થિતિમાં સંભવ છે. ભક્તિ ચતુરાઇથી નહી પરંતુ ભાવનાથી કરવાની છે.ભક્તિ બુદ્ધિનો નહી પરંતુ હૃદયનો વિષય છે.બુદ્ધિ તો ફક્ત ભક્તિનાં માધ્યમ સેવા,સુમિરણ,સત્સંગને સકારાત્મક તથા યોગ્ય દિશા માટે સહાયક બને છે.જેમ અમે ભોજન કોઇને બતાવવા માટે નહી પરંતુ શરીરની ભુખ દૂર કરવા કરીએ છીએ તેમ ભક્તિ કોઇપણ પ્રકારના બાહ્ય દેખાવ,છળકપટ,બનાવટથી કે બીજાને પ્રભાવિત કરવા માટે નહી પરંતુ સાચા હૃદયથી કરવાની છે.ભક્તિ અમારો આત્મિક ખોરાક છે. પ્રત્યેક કર્મનું ફળ અમારી સામે આવવાનું જ છે.દરેક સારા અને ખરાબ કર્મનું ફળ અમારે ભોગવવું જ પડશે એટલે અમારાથી કોઇ સતકાર્ય થાય તો પ્રભુ પરમાત્માનો ધન્યવાદ કરો કે સતકાર્ય કરવા માટે અમોને શક્તિ આપી અમોને નિમિત્ત બનાવ્યા અને અમારાથી કોઇ ખરાબ કાર્ય થાય તો પશ્ચાતાપ કરીએ અને ભવિષ?યમાં આવી કોઇ ભૂલ ના થાય તે માટે પ્રાર્થના કરીએ. અમારો વ્યવહાર,લેવડ-દેવડ,ભાષા અને સ્વભાવ એટલો સુંદર હોવો જોઇએ કે લોકો અનુકરણ કરે. જેના હૃદયમાં પદ-પ્રતિષ?ઠા અને પૈસા મેળવવાની ઇચ્છા હોતી નથી તો પ્રભુ પરમાત્મા પોતે પદ-પ્રતિષ?ઠા અને પૈસા આપવા તેની પાછળ ફરતા હોય છે.

પ્રભુ પરમાત્મા અને ભક્તનો સબંધ યુગોથી ચાલ્યો આવ્યો છે.પ્રભુએ સમગ્ર સંસારની તથા પોતાની પ્રતિકૃતિ માનવની રચના કરી છે પરંતુ પ્રકૃતિ અને માયામાં ફસાઇને તે પ્રભુ પરમાત્માને ભુલીને સાંસારીક પદાર્થોને ભેગા કરવામાં જીવન વ્યર્થ ગુમાવી દે છે અને સત્યની ઓળખાણ કરી શકતો નથી, જે કાર્ય કરવા માટે જન્મ મળ્યો હતો તે ઇશ્વરની ઓળખાણ ના કરવાના લીધે તે જયારે શરીર છોડીને પ્રભુના દરબારમાં જવાનું થાય છે ત્યારે તે ગભરાય છે.

જયારે જયારે ધર્મની હાની થાય છે અને માનવ સાચા ધર્મને ભુલી જાય છે અને દુષ?ટોની વૃધ્ધિ થાય છે ત્યારે ત્યારે નિર્ગુણ નિરાકાર પ્રભુ પરમાત્મા અવતાર લઇને સાધુઓની રક્ષા કરે છે અને પાપીઓનો સંહાર કરી સત્યને સ્થાપિત કરે છે. નિર્ગુણ નિરાકાર પ્રભુ પરમાત્મા જ સદગુરૂના રૂપમાં પ્રગટ થાય છે, તે પરમાત્માનું જ સાકાર સ્વરૂપ હોય છે અને સમગ્ર માનવસમાજના માટે કાર્યશીલ હોય છે. તેમની પાસેથી બ્રહ્મજ્ઞાનની પ્રાપ?તિ બાદ જ ભક્તિની શરૂઆત થાય છે.

તમામ પ્રકારના લડાઇ-ઝઘડા છોડીને એક પ્રભુ પરમાત્માને પામવા એ જ સાચી ભક્તિ છે.

વિનોદભાઇ માછી
નિરંકારી
નવીવાડી,તા.શહેરા,પંચમહાલ
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

## એર અને આર્મીના ટોચના અધિકારીઓ ચીન સાથેની સરહદ પર સ્થિતિની સમીક્ષા કરશે

,નવીદિલ્હી,તા.૪

ભારતીય સેના અને વાયુસેનાના ટોચના અધિકારીઓ ચીન સાથેની વાસ્તવિક નિયંત્રણ રેખા પર તેમની તૈયારીઓ અને માળખાગત જરૂરિયાતોની સમીક્ષા કરશે. ભારત અને ચીનની સેનાઓ વચ્ચે પૂર્વી લદ્દાખમાં ઘણા સ્થળોએ અથડામણ ચાલી રહી છે.વાયુસેનાના ટોચના અધિકારીઓ ઉત્તરીય સરહદ પર હવાઈ કાર્યવાહી સહિત સુરક્ષાની સ્થિતિ પર ચર્ચા કરવા માટે ૬ એપ્રિલથી બેઠક શરૂ કરશે. તે જ સમયે, આર્મી ચીફ જનરલ એમએમ નરવણેના નેતૃત્વમાં આર્મી કમાન્ડર ૧૮ એપ્રિલથી દ્વિવાર્ષિક કમાન્ડર કોન્ફરન્સમાં પરિસ્થિતિ પર ચર્ચા કરશે.

કોન્ફરન્સ દરમિયાન પૂર્વી લદ્દાખ અને ઉત્તર-પશ્ચિમ ક્ષેત્રોમાં વર્તમાન જમાવટની સમીક્ષા કરવામાં આવશે. સૈન્યના ટોચના અધિકારીઓએ લખનૌમાં તાજેતરમાં યોજાયેલી કોન્ફરન્સ દરમિયાન લદ્દાખથી અરુણાચલ પ્રદેશ સુધીની માળખાગત જરૂરિયાતો અંગે સંયુક્ત રીતે ચર્ચા કરી હતી.વર્ષ ૨૦૨૦ માં, એપ્રિલ-મેમાં ચીની સૈનિકો દ્વારા આક્રમકતા દર્શાવ્યા પછી, ભારતે તેની તૈનાતીમાં ઘણા ફેરફારો કર્યા છે. બંને દેશો સરહદ વિવાદના ઉકેલ માટે સૈન્ય અને રાજદ્વારી સ્તરની વાતચીત કરી રહ્યા છે. ઘણી જગ્યાએ વિવાદો પણ ઉકેલાયા છે.

ભારત અને ચીન વચ્ચે સરહદ વિવાદના ઉકેલ માટે ગયા મહિને ૧૫માં રાઉન્ડની વાતચીત થઈ હતી. ચીને વાતચીતને સકારાત્મક અને રચનાત્મક ગણાવી હતી. પાડોશી દેશે કહ્યું હતું કે તે પરસ્પર વાટાઘાટો દ્વારા વિવાદને ઉકેલવા માટે સંમત છે અને ત્રીજા પક્ષની દખલગીરીનો સખત વિરોધ કરે છે. જનરલ એમએમ નરવણેએ ૩૦ માર્ચે ચીન અને પાકિસ્તાન સાથેની સરહદ પર ભારતની સૈન્ય તૈયારીઓની સમીક્ષા કરી હતી. તેમણે રાષ્ટ્રીય સુરક્ષા પર અફઘાનિસ્તાનમાં પરિસ્થિતિની સંભવિત અસરોની વ્યાપક સમીક્ષા પણ હાથ ધરી હતી.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS 004**
વિષયઃ વિસામો
પ્રકારઃઃ ગધ લેખ
શબ્દોઃ ૩૫૦
શીર્ષકઃ નિષ્કર્ષ

મિત્રો ઉમ્મરની અવસ્થા વધતી જાય છે, તેમ તેમ ઘણાંને કહેતા સાંભળ્યા છે કે ," થાક્યા હવે તો વિસામો લઈએ." વિસામો તનને આરામ આપવો તે જ ને? તનતો બાળક હોયએ ત્યારે પણ થાકે છે. રમી ,શાળાએ જઈને, દફ્તરમાં આટલો ભાર લઈને અને અંતે ગૃહકાર્ય કરીને. કેટલો બોજ ,પણ આનંદ ને સ્ફૂર્તિથી કાર્ય પાર પાડી લે છે ને? બાલ્યાવસ્થામાં વિસામો શબ્દ જ નથી હોતો તેના ભાષા કોશમાં.

યુવાની તેનાંથી પણ વધુ સ્ફૂર્તિ જનક હોય છે કારણ ત્યારે પૈસાની પણ હોડ હોય છે, મિત્રો થાય છે ને મન કહે છે," કમાય લે જીવ હમણાં કમાઈશું બચાવીશુંને તો વિસામો પામીશું."આ વિસામાને શેની સાથે જોડશું? તન તો સાચે જ પણ મન સાથે વધુ. બરાબર ને?

ધીરે ધીરે એ અવસ્થા આવે છે કે ," દુનિયામાં અસ્તિત્વ સાથે ટકી રહેવા, કુટુંબીઓ વચ્ચે મનમેળ રાખવા, કમાવાની હોડમાં છૂટેલાં મિત્રોની સાથે જોડાવા મન તડપી ઉઠે છે.ત્યારે યાદ આવે છે એ વિસામાની અવસ્થા."

શું કરી શકો આવે સમયે પાછા ફરો દ્રઢ મનોબળ સાથે કે ના જે હાથ વગુ છે તેને નથી ગુમાવવું. મન કહે તે કાર્યમાં ડૂબી જાઓ ને ત્યાંથી નક્કી કરી વિસામો ખાવા રોકાયા ત્યાંથી એવા પગથિયા ચઢીએ જ્યાં થાક નહિ પણ વિસામા પછીની સ્ફૂર્તિ હોય. નવા જીવનની શરૂઆત હોય. મનના એક ખૂણામાં ધરબાયેલી પ્રવૃત્તિ માટેની હામ હોય. હુન્નર તો અનેક છે. ગણ્યાં ગણાય નહિ ને વિણ્યાં વિણાય નહિ. એક મનની અનેક વાતો.

મારા અનુભવે કહું તો કોઈને લખવાનો શોખ તો કોઈને જુદુ જુદુ વાંચવાનો શોખ, કલાનો શોખ તો ભણવાનો ને ભણાવાનો શોખ. વિસામાના સમયની રેશમ ડોર બની જાય. એકલતાની સાથીદાર, બગીચામાં ચાલવા આવતા મિત્રોને મળ્યા છો? તેઓ એકબીજાનાં વિસામાના સમયના એવા મિત્રો હોય છે કે ઘણીવાર મન મળતા છેલ્લા વિસામાના હમ સફર બની જતા હોય છે.

મિત્રો શું નિષ્કર્ષ કાઢશો. હાશકારાનો વિસામો કે ચંચળ મનની નવી પ્રવૃત્તિનો વિસામો અપનાવશો. મને તો મારા મનની નિત નવી પ્રવૃતિ ગમે જ્યાં મન ને મનોભાવના પગથિયા પર બેસવું નથી .અવિરત મન પ્રફુલ્લિત રહે , કંટાળા જનક પ્રવૃત્તિનો વિસામો દૂર ધકેલી મનની બારીથી ડોકાતો હર્ષોલ્લાસનો વિસામો જોઈએ.

એજ મારો નિષ્કર્ષ.
વિસામો સુખ
તેના પથિક
એ દ્વારે જ હરખ,
મનોભાવક
તે જ નિષ્કર્ષ.

જયશ્રી પટેલ

---

**NOG SS No : 0044**
વિષયઃ- વિસામો
પ્રકારઃ- ગધ
શબ્દોઃ- ૬૯
શીર્ષકઃ- પાદર.

માધોપૂર ગામનો રિવાજ કે, પરણવા જતાં વરરાજાએ પાદરે ઉભેલા વડલાને નમન કરી ને જ પરણવા જવાનું
એવો જ એક બીજો રિવાજ? કે મૃતકને પહેલો વિસામો પાદરે આપવો.
પાદરનો વડલો વર્ષોવર્ષથી આ બધું નિર્લેપભાવે જોયા કરે,પરંતુ આજે જ્યારે ઘરે લગ્નની તૈયારી ચાલી રહી હતી ત્યારે જ વતન કાજે શહીદી વહોરનાર ગામના જવાનની સ્મશાન યાત્રાએ, જવાનને પાદરે પહેલો વિસામો આપ્યો ત્યારે પાદરનો વડલો હચમચી ગયો.

વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા

---

**N.O.G. S.S. No.0102.**
નામઃ- રતીલાલ વાયડા
વિષયઃ- મને ગમતી વાર્તા
પ્રકારઃ-. ગધ.
શીર્ષકઃ-. પીડિતા.
શબ્દ. :- ૩૫૦.
તારીખઃ- ૩/૪/૨૦૨૨. રવિવાર.
સ્થળ :- દ્વારકા.

મને ગમતી વાર્તા
પીડિતા
રચનાઃ-

પંડિત જગન્નાથ પોતાની નિઃસંતાન પત્ની કેસરબેન ને મૂકીને અઢળક સંપત્તિ સાથે અવસાન પામ્યા.

કેસરબેને પોતાના બેનના દિકરા મયુરની સાથે રહેવાનું નક્કી કર્યું.

હવે મયુર તેની પત્ની ગીતા અને તેની નાની પાંચ વરસની દીકરી નયનાની સાથે તેઓ કેસરબેન ના મકાનમાં રહેવા લાગ્યા.

શરૂઆતના વર્ષોમાં કેસરબેનની ખૂબ જ ઈજ્જત થવા લાગી તેના માન-સન્માન ખાનપાન વગેરેની ખૂબ કાળજી લેવામાં આવી.

મયુરની પત્ની ગીતા લોભી મનોવૃત્તિ અને ઈર્ષાળુ ,અદેખાઈ થી ભરેલી ક્રોધી સ્વભાવની હતી. તેને કેસરબેન કરતા તેની સંપતી માં જ વધારે રસ હતો.

કેસરબેન હવે વૃદ્ધ થઈ ગયા હતા .તેના બંને પગ દુઃખતા હતા તેથી ચાલી શકતા ન હતા .એક નાની ઓરડીમાં ખાટલી ઉપર તેને રાખવામાં આવ્યા હતા. હવા-ઉજાસનો ,સ્વચ્છતાનો અભાવ વગેરે ને કારણે રૂમમાં ચોક્કસ પ્રકારની દુર્ગંધ આવતી હતી.

કેસરબેનને સમયસર ભોજન આપવામાં આવતું ન હતું .ઘણું ઓછું ભોજન તેમજ વધેલું,ટાઢો ટુકડો તેને આપી દેવામાં આવતું હતું આથી તે કાયમ માટે ભૂખ્યા રહેતા હતા. રોજની ભૂખને કારણે તેનું શરીર દુર્બળ થઈ ગયું હતું.

જોકે મયુર તેની કાળજી રાખતો પરંતુ ગીતા તેને એવું કરવા માટે રોકતી હતી.

હવે ગીતા કેસરબેનને જેમતેમ બોલતી અપમાન કરતી ગાળો દેતી હતી.

કેસરબેને મયુર ને ફરિયાદ કરી ત્યારે ગીતાએ તેને ખૂબ જ માર માર્યો અને તેનું વૃદ્ધ શરીર માર સહન ન કરી શક્યું.

એક વખતે ઘરમાં મહિલા આંતરરાષ્ટ્રીય દિનની ઉજવણી નિમિત્તે ગીતાએ ઘણી બહેનોને પોતાના ઘરે ભોજન માટે નિમંત્રણ આપ્યું હતું.

ભોજનમાં દૂધપાક ,પુરી ,શાક ,કચોરી અને ઘણા બધા વ્યંજનો બનાવવામાં આવેલા હતા અને તેની સુગંધ આખા ઘરમાં પ્રસરી રહેલી હતી.

રાત્રે બાર વાગી ગયા તેમ છતાં પણ કેસરબેનને કોઇએ જમવાનું આપ્યું નહીં. તેને ખૂબ ભૂખ લાગી હતી. પેટમાં ગલુડિયા બોલતા હતા. તે અંધારામાં માંડ ઉઠ્યા રસોડા તરફ ગયા .રસોડામાં તાળું લાગેલું હતું ચાર પગે ચાલતા ચાલતા તેઓ જ્યાં એઠી થાળીઓ પડી હતી તેના તરફ ગયા થાળીમાં જે કંઈ હતું તે પુરી શાક કચોરી અંધારામાં ખાવા લાગ્યા હતા.ભૂખને કારણે એઠું ભોજન પણ તેને સ્વાદિષ્ટ લાગવા લાગ્યું હતું.

અંધારાને કારણે એઠી થાળીને ઠોકર લાગી ગઈ અને ઘણા અવાજ સાથે થાળીઓ પડી ગઈ. અવાજ સાંભળી ઘરના સૌ જાગી ગયા અને સૌએ આ દ્રશ્ય જોયું.

મયુરે ગીતાને કેસરબેન ભોજન આપવા માટે જણાવ્યું. તે રસોડામાં થાળી પીરસી અને લાવી અને કેસરબેનને આપી. કેસરબેન થોડું-ઘણું ખાધું અને ત્યાર પછી સવારના ઉઠ્યા જ નહી.

લેખકઃ- રતીલાલ વાયડા.

---

N.O.G. S.S. No.0102.
નામઃ- રતીલાલ વાયડા
વિષયઃ- મને ગમતી વાર્તા
પ્રકારઃ-. ગધ.
શીર્ષકઃ-. પીડિતા.
શબ્દ. :- ૩૫૦.
તારીખઃ- ૩/૪/૨૦૨૨. રવિવાર.
સ્થળ :- દ્વારકા.
મને ગમતી વાર્તા
પીડિતા
રચનાઃ-
પંડિત જગન્નાથ પોતાની નિઃસંતાન પત્ની કેસરબેન ને મૂકીને અઢળક સંપત્તિ સાથે અવસાન પામ્યા.
કેસરબેને પોતાના બેનના દિકરા મયુરની સાથે રહેવાનું નક્કી કર્યું.
હવે મયુર તેની પત્ની ગીતા અને તેની નાની પાંચ વરસની દીકરી નયનાની સાથે તેઓ કેસરબેન ના મકાનમાં રહેવા લાગ્યા.
શરૂઆતના વર્ષોમાં કેસરબેનની ખૂબ જ ઈજ્જત થવા લાગી તેના માન-સન્માન ખાનપાન વગેરેની ખૂબ કાળજી લેવામાં આવી.
મયુરની પત્ની ગીતા લોભી મનોવૃત્તિ અને ઈર્ષાળુ ,અદેખાઈ થી ભરેલી ક્રોધી સ્વભાવની હતી. તેને કેસરબેન કરતા તેની સંપતી માં જ વધારે રસ હતો.
કેસરબેન હવે વૃદ્ધ થઈ ગયા હતા .તેના બંને પગ દુઃખતા હતા તેથી ચાલી શકતા ન હતા .એક નાની ઓરડીમાં ખાટલી ઉપર તેને રાખવામાં આવ્યા હતા. હવા-ઉજાસનો ,સ્વચ્છતાનો અભાવ વગેરે ને કારણે રૂમમાં ચોક્કસ પ્રકારની દુર્ગંધ આવતી હતી.
કેસરબેનને સમયસર ભોજન આપવામાં આવતું ન હતું .ઘણું ઓછું ભોજન તેમજ વધેલું,ટાઢો ટુકડો તેને આપી દેવામાં આવતું હતું આથી તે કાયમ માટે ભૂખ્યા રહેતા હતા. રોજની ભૂખને કારણે તેનું શરીર દુર્બળ થઈ ગયું હતું.
જોકે મયુર તેની કાળજી રાખતો પરંતુ ગીતા તેને એવું કરવા માટે રોકતી હતી.
હવે ગીતા કેસરબેનને જેમતેમ બોલતી અપમાન કરતી ગાળો દેતી હતી.
કેસરબેને મયુર ને ફરિયાદ કરી ત્યારે ગીતાએ તેને ખૂબ જ માર માર્યો અને તેનું વૃદ્ધ શરીર માર સહન ન કરી શક્યું.
એક વખતે ઘરમાં મહિલા આંતરરાષ્ટ્રીય દિનની ઉજવણી નિમિત્તે ગીતાએ ઘણી બહેનોને પોતાના ઘરે ભોજન માટે નિમંત્રણ આપ્યું હતું.
ભોજનમાં દૂધપાક ,પુરી ,શાક ,કચોરી અને ઘણા બધા વ્યંજનો બનાવવામાં આવેલા હતા અને તેની સુગંધ આખા ઘરમાં પ્રસરી રહેલી હતી.
રાત્રે બાર વાગી ગયા તેમ છતાં પણ કેસરબેનને કોઇએ જમવાનું આપ્યું નહીં. તેને ખૂબ ભૂખ લાગી હતી. પેટમાં ગલુડિયા બોલતા હતા. તે અંધારામાં માંડ ઉઠ્યા રસોડા તરફ ગયા .રસોડામાં તાળું લાગેલું હતું ચાર પગે ચાલતા ચાલતા તેઓ જ્યાં એઠી થાળીઓ પડી હતી તેના તરફ ગયા થાળીમાં જે કંઈ હતું તે પુરી શાક કચોરી અંધારામાં ખાવા લાગ્યા હતા.ભૂખને કારણે એઠું ભોજન પણ તેને સ્વાદિષ્ટ લાગવા લાગ્યું હતું.
અંધારાને કારણે એઠી થાળીને ઠોકર લાગી ગઈ અને ઘણા અવાજ સાથે થાળીઓ પડી ગઈ. અવાજ સાંભળી ઘરના સૌ જાગી ગયા અને સૌએ આ દ્રશ્ય જોયું.
મયુરે ગીતાને કેસરબેન ભોજન આપવા માટે જણાવ્યું. તે રસોડામાં થાળી પીરસી અને લાવી અને કેસરબેનને આપી. કેસરબેન થોડું-ઘણું ખાધું અને ત્યાર પછી સવારના ઉઠ્યા જ નહી.
લેખકઃ- રતીલાલ વાયડા.

## માં અંબે

માં અંબા છે જગ વિખ્યાત
દુઃખ ભક્તોનાં છે હરનારી
ઘેં ઘેં વાગે ઢોલ ચેં ચેં શરણાઈ
ગરબે ઘૂમે મારી અંબે માત
માં અંબા છે જગ વિખ્યાત
સંપત્તિ દે સદભાવના દે સન્મતી
તરુ ભવસાગર સ્વ ગંજનઅરી
ગરબે ઘૂમે મારી અંબે માત.
માં અંબા છે જગ વિખ્યાત
પ્રેમ ધરી બાજઠે બેસાડી
કણ કણમાં કરુણાની છે દેવી
ગરબે ઘૂમે મારી અંબે માત.
માં અંબા છે જગ વિખ્યાત
તારા બાળક ને તું લે છે ટેડી
અમ અપરાધો જાજે ભૂલી
ગરબે ઘૂમે મારી અંબે માત
માં અંબા છે જગ વિખ્યાત
શરણે અમે તારી ત્રિશુળવાળી
રહેમ કરી પ્રસન્ન થાવ દેવી
ગરબે ઘૂમે મારી અંબે માત
બીજલ જગડ,મુંબઈ ઘાટકોપર

## ચૈત્રમાં લીમડાનું સેવન આરોગ્ય દ્દષ્ટિકોણથી

આજના ઈન્ટરનેટયુગમાં વર્ષ દરમિયાન આવતાં ઉત્સવોની ઊજવણીઓને સોશિયલ મિડિયા થકી પ્રચાર- પ્રસારને ઘણો વેગ મળેલ છે એમાંય મૂળભૂત પરંપરાગત તથ્યો પર પૂરતાં સંશોધન અને યથાર્થને જાણ્યા વિના, મિથ્યા અને અતિશયોક્તિ પૂર્વકની બાબતો જણાવીને હદ પાર કરી દેવાઇ છે.

ફાગણના અંતમાં અને ચૈત્રની શરૂઆતનો સમયગાળો એટલે લીમડામાં ફ્લાવરીંગની સીઝન, નવા પાંદડા અને પુષ્પો સાથે એ મ્હોરી ઊઠયો છે, લીમડા- આંબા વગેરેનાં ઝીણાં પુષ્પગુચ્છને મ્હોર કહેવાય છે. ગુજરાતીમાં લીમડો શબ્દ એ સંસ્કૃતમાં 'નિમ્બ' શબ્દનું કંઈક અંશે લોકબોલીમાં થયેલ અપભ્રંશ છે, પ્રાચીનકાળમાં અંગ્રેજીમાં એને 'માર્ગોસા' કહેવાતો. આજે તો અંગ્રેજીમાં પણ 'નીમ' જ પ્રચલિત છે. આ લીમડાનું લેટીન, સાયંટીફીક નામ 'મેલીયા અઝેડીરાકટ ઈન્ડીકા' છે. સામાન્ય રીતે લીમડાનો ફેલાવો, દરીયાઇ નજીકની મરૂભૂમીમાં સારો થાય છે. ગુજરાતની આબોહવા અને જમીન લીમડાનાં વૃદ્ધિ -વિકાસ માટે ઘણી માફક આવી છે, મૂળ પર્શિયન શબ્દ 'આઝાદ' અને ઝાડ માટે વપરાતો 'દરખત' શબ્દ પરથી સાંયટીફીક નામ અઝેડીરાકટ રાખ્યું છે. લીમડાનો આહાર- ઔષધ તરીકે ઉપયોગ કરાય તો, એ પચવામાં લઘુ એટલે કે હળવો છે, ગ્રાહી છે એટલે કે અન્ય વનસ્પતિઓનાં પાંદડા - સ્વરસ વગેરે વધારે લેવાય તો ઝાડા થાય છે,પણ એવું લીમડામાં થતુ નથી. લીમડો પચ્યા પછી કટુવિપાકી થાય છે.

૧૯૧૯ માં ભારતીય વનસ્પતિ વૈજ્ઞાનિકો એ લીંબોળીના તેલમાંથી એક કાર્યકારી તત્વ શોધી કાઢયું જેને 'માર્ગોઝાઈન એસીડ' નામ આપ્યુ પછી ૧૯૨૦ માં કોલકતા કેમીકલ્સ કંપનીએ લીમડા સાબુ બનાવ્યો જેનું નામ માર્ગો રાખ્યું. ખાદી ગ્રામોદ્યોગ કેન્દ્રમાંથી મળતાં લીમડાનાં સાબુ જેવી જ પદ્ધતિ અને ગુણકર્મ ધરાવતો આ 'માર્ગો સોપ' ૧૯૮૮ માં વિશ્વના ટોપ પાંચ સાબુઓની બ્રાન્ડમાંનો એક હતો. છેક ઋગ્વેદકાળથી અત્યાર સુધી ચર્મવિકારોમાં લીમડો વપરાતો આવ્યો છે. આયુર્વેદિકચિકિત્સાશાસ્ત્રના દ્રષ્ટિકોણથી જોઈએ તો, આચાર્ય ભાવમિશ્રે જે લીમડા ના ગુણકર્મ વર્ણવેલ છે એમાં, ×નિમ્બઃ શિતો, લઘુઃ, ગ્રાહી, કટુ-પાકો, અગ્નિવાતાનુત, અહ્ર્દ, શ્રમહ્ર્દ, કાસ જવર અરુચિ કૃમિ પ્રણુત નિમ્બપત્રમ સમૃતમ નેત્રયમ× લીમડાનાં પાંદડા પાતળા હોય છે એટલે બાષ્પીભવન વધુ કરે છે, વધુ બાષ્પીભવન થવાથી આસપાસની હવામાં ઠંડક પ્રસરે છે આથી ધોમધખતા તાપમાં લીમડાની છાયા શિતલ લાગે છે. લીમડાનાં સેવનથી વાયુનો પ્રકોપ અને પિત્ત એટલે કે દાહ થતી હોય તો રાહત મળે છે. લીમડો સ્વાદે અને ગંધે કડવો હોય છે એટલે અહ્રદ - મન ને ગમતો નથી, પણ શ્રમહર છે. કડવો હોવાથી જ અરૂચી, તાવ અને કૃમિ તથા કફજ અને પિત્તજ ખાંસી ને પણ દૂર કરે છે લીમડો એ આંખ માટે ઉત્તમ છે, કેમ કે આંખના રોગ પિત્ત અને કફનાં સંચયથી થતાં હોય છે, જેને લીમડો દૂર કરે છે. ગુજરાતના જ પ્રખર કર્માભ્યાસુ વૈદ્ય શોઢલ પોતાના નિઘંટુ માં લખે છે કે, ×નિમ્બવૃક્ષસ્ય પંચાગ રક્તદોષહરં, પિત્તમ, કણ્ડૂં વ્રણમ દાહમ કૃષ્ઠમ ચ એવ વિનાશ્યતિ× યોગરત્નાકરમાં લખ્યું છે કે, ×ફાલ્ગુને ચૈત્રમાસે ચ જન્તુપીડાકરો મતઃ, શીતલ અમ્બુ સમુદ્દભૂતઃ શ્લેષમા રાજા પરકીર્તતઃ× ફાગણ - ચૈત્રમાં શિતલ જળથી ઉત્પન્ન થનાર કફદોષ નામનો રાજા સર્વ પ્રાણીઓને પીડનાર તરીકે માનવામાં આવે છે. ચૈત્ર પછી આવતો વૈશાખ જેઠ માં પાછો આ રીતે પિત્તદોષ ને રાજા કહેવાય છે. આરોગ્યશાસ્ત્રનાં દ્રષ્ટિકોણથી વસંતમાં શરીરમાં સંચિત થયેલો કફ, પ્રસાર અને પ્રકોપ પામે છે. ગુજરાત, રાજસ્થાન અને મહારાષ્ટ્રની ભૌગોલીક સ્થિતિ પ્રમાણે આબોહવાને લઈને વસંતઋતુ ફાગણ-ચૈત્રની ગણાય છે. હોળીની આસપાસ ઓરી - અછબડાંના દરદી વધવા લાગે છે, પ્રાચીનકાળમાં શિતલાદેવી સાથે નિમ્બપત્ર પણ દર્શાવેલ છે, એટલે વસંતઋતુ, કફનો પ્રકોપ અને લીમડાના પાંદડાનો ઔષધિય પ્રયોગ એ ત્રણે અસર પરસ જોડાયેલાં છે. આ સમયગાળામાં ભુખ જ ના લાગવાની ફરિયાદો સાથે દરદીઓ વધવા લાગે છે, આ વસંત ઋતુ માં જો સંચિત થયેલ કફને વમનકર્મ દ્વારા બહાર કાઢી લેવાય તો અરૂચી, ખંજવાળ, ગુમંડા આદીથી શરીર સુરક્ષિત રહે છે. એ મૂળ ચિકિત્સા સિદ્ધાંત આધારીત લોક વૈદકમાં લીમડાંના ત્રણ - ચાર નવ પલ્લવીત પાંદડા તથા ત્રણચાર ફુલમંજરીઓની ડાળીઓ એકસાથે લસોટી એના એક ગ્લાસ પાણીમાં બનાવેલ મિશ્રણમાં જરીક સૈંધવ નમક નાંખી ને પ્રાતઃ પીવાય તો સંભવતઃ વમન થઇ જાય છે જેથી સંચિત કફ બહાર આવી જાય છે અને આ પ્રક્રિયા સાત દિવસ પ્રતિદિન કરાય છે. જે વ્યક્તિઓને ગ્રીષ્મમાં પિત્તનો પ્રકોપ રહેતો હોય એમને ૧૦ ગ્રામ જેટલાં લીમડાં નવા તાજા પાન ૧૦ ગ્રામ સાકર સાથે ચાવી ને ખાઇ લેવાં આ પ્રયોગ પણ ચૈત્ર સુદ એકમથી સાત દિવસ જ કરવો. મહારાષ્ટ્રમાં 'ગુડી પૂજન' બાદ આજ પ્રસાદ તરીકે વહેંચવામાં આવે છે. દક્ષિણ ભારતનાં કેટલાક રાજયોમાં જે ચૈત્રમાસમાં નવ વર્ષની ઉજવણીનો ઉગાડી તહેવાર મનાવાય છે એમાં બનતી ખાસ વાનગી 'પચડી'માં લીમડાનાં પુષ્પો નખાય છે, એ પણ આરોગ્યતાનો સંદેશ આપે છે. વૈજ્ઞાનીક સંશોધન બતાવે છે કે, કફ અને મેદ ના કારણે થતાં કૃષ્ઠ થી કેન્સર સુધીના વિકારોમાં લીમડાનાં પાંદડા ઉપયોગી છે, પણ લીમડાનું અતિસેવન મનુષ્યોના શુક્રાણુઓનો નાશ કરે છે. ઊંટ નો પ્રિય ખોરાક લીમડો છે, પણ કુદરતી રીતે ઊંટના શરીરમાં વીર્યાશય એટલે કે 'સેમીનલ વેસીક્લ્સ' હોતું જ નથી. આથી એના વીર્યમાં રહેલ શુક્રાણુઓ લીમડાનાં અતિસેવન થી નાશ પામતાં નથી.લીમડનો જંતુનાશક તરીકે ઉપયોગ વૈજ્ઞાનિક રીતે પણ સિદ્ધ થયેલ છે, એનાં પાંદડા તથા લીંબોળીનાં તેલનાં ઉપયોગથી ખેતપેદાશમાં પણ જંતુઓથી રક્ષણ માટે ઉપયોગી તો છે જ, શ્વેત ચંદન જેને સુખડ પણ કહે છે એની ખેતીમાં લીમડાનું યોગદાન સારુ છે. એક શ્વેતચંદનની આસપાસ જો લીમડા વવાય તો ચંદન સારી રીતે વિકસે છે, સુખડમાં સુંગધ અને શિતળતા છે, પણ લીમડામાં શિતળતા અને આરોગ્યતા પણ છે. લીમડાનો સ્વાસ્થ્ય રક્ષા તરીકે કે દેખાદેખીમાં શરીર પર વધુ અને જરૂરીયાત વિના પ્રયોગ કરવો હિતાવહ નથી. લીમડાનું વાવેતર અને સંવર્ધન દરેક માટે જરૂરી છે. લીમડો એ આજના સમયમાં કલ્પવૃક્ષ છે. જે ઈચ્છો એ આપે છે. નવકારશી આવે પછી કડવા લીમડાંનું ઓષધ લેવાનું છે.

-સંકલન : અતુલ શાહ

## માનવ શાકાહારી કે માંસાહારી

માનવનાં હાડકા અને તેની શરીર રચનાનું અધ્યયન એ સિદ્ધ કરે છે કે માનવ શાકાહારી પ્રાણી છે. માનવ પ્રાણી અને શાકાહારી પ્રાણીમાં સામ્યતા તથા શાકાહારી પ્રાણી અને માંસાહારી પ્રાણીમાં અંતર 'માનવ માંસાહારી પ્રાણી નહિ પરંતુ શાકાહારી પ્રાણી છે'' એ સ્પષ્ટ કરે છે. શાકાહારી અને માંસાહારી પ્રાણીઓ માં નીચે મુજબ મુખ્ય અંતર છે.

૧) શાકાહારી પ્રાણીઓનાં આંતરડાની લંબાઈ તેની લંબાઈ કરતા ચાર ગણી વધારે હોય છે અને માંસાહારી પ્રાણીઓનાં આંતરડાની લંબાઈ તેની લંબાઈ જેટલી હોય છે.

૨) માંસાહારી પ્રાણીઓમાં દાંત (રાક્ષસી દાંત) મોટા અને ખૂબ તીક્ષ્ણ હોય છે માનવનાં દાંત નાના હોય છે.

૩) માનવીની લાળ આલ્કલાઈન (aalklain)છે. તેમાં ટાઈલિન નામનો રસ છે જે શર્કરાને પચાવવામાં મદદ કરે છે. માંસાહારી પ્રાણીઓની લાળ એસીડીક છે.

૪) માનવ જઠરનો સ્ત્રાવ માંસ ભક્ષક પ્રાણીઓનાં જઠરના સ્ત્રાવ કરતા પા ભાગ જેટલો જ એસિડિક છે માંસાહારી પ્રાણીઓ ના જઠર નો સ્ત્રાવ અતિ એસિડિક છે કારણ કે તેમને અતિ પ્રોટીનયુકત માંસનું પાચન કરવાનું હોય છે.

૫) માનવીનાં હાથનાં નખો માંસાહારી પ્રાણીઓનાં નખો કરતા ખુબજ નાના હોય છે. માંસાહારી પ્રાણીઓને માંસ ભક્ષણ માટે લાંબા અને અણીદાર નખોની જરૂર રહે છે.

૬) માનવીનાં યકૃતમાંથી ખૂબ જ ઓછા પ્રમાણમાં બાઈલ નો સ્ત્રાવ ઝરે છે. પરંતુ માંસાહારી પ્રાણીઓને અતિ ચરબીયુકત માંસનું પાચન કરવાની જરૂર હોવાને કારણે તેમનું યકૃત ખૂબ જ વધારે માત્રામાં બાઈલનું નિર્માણ કરે છે.

૭) દરેક માંસાહારી પ્રાણી જીભ થી પાણી પીવે છે. જ્યારે શાકાહારી હોઠ થી પાણી પીવે છે.

જેમ કે સિંહ માંસાહારી પ્રાણી છે બાહ્ય રૂપ શકિતશાળી હોવા છતાં તે જલ્દી થાકી જાય છે. તે ક્રોધી સ્વભાવનો હોય છે. હાથી શાકાહારી પ્રાણી છે પણ તે વધારે શકિતશાળી અને સહનશીલ હોય છે.

-મિતલ ખેતાણી

## આઉટસોર્સિંગ કર્મચારીઓના હકના નાણાં ઉપર તરાપ મારવા એજન્સીઓએ કર્મચારીઓનો પગાર અટકાવ્યો

આઉટસોર્સિંગ એજન્સીઓ કર્મચારીઓના પગારમાં ભયંકર ખાયકી કરતી હોવા છતાં ગુજરાત સરકાર દ્વારા છુપા આશીર્વાદ મેળવેલ એજન્સીઓ બેફામ થઈ ગઈ છે વર્ષોથી અધિકારીઓ અને એજન્સીઓની મિલિભગતથી કર્મચારીઓના પગાર, બોનસ, ઈપીએફ, ઈએસઆઈસી, ડ્રેસ વોશિંગ એલાઉન્સ અને લીવ એન કેશના નાણામાં વ્યાપક ભ્રષ્ટાચારની ફરિયાદો થતાં નવેમ્બર ૨૦૨૧ થી આરોગ્ય કેન્દ્રો ઉપર આઉટસોર્સથી ફરજ બજાવતા વર્ગ ૩ અને વર્ગ ૪ ના કર્મચારીઓનો પગાર એસ્ક્રો એકાઉન્ટથી કરવા અને એજન્સીઓને માત્ર પાંચ ટકા સર્વિસ ચાર્જ ચુકવવા આરોગ્ય કમિશનર દ્વારા આદેશ કરવામાં આવેલ એમ છતાં એજન્સીઓ હજી પણ ઉચાપત કરી રહી છે અને જવાબદાર અધિકારીઓ એસ્ક્રો એકાઉન્ટથી કર્મચારીઓના હકના નાણાં એજન્સીઓને ચુકવી રહ્યા છે એવા સમયમાં મહીસાગર જીલ્લાના ક્ષય અધિકારી દ્વારા એજન્સીઓને નિયમ મુજબ માત્ર પાંચ ટકા સર્વિસ ચાર્જ ચુકવી બોનસ, લીવ ઓન કેશ અને ડ્રેસ વોશિંગના નાણા એસ્ક્રો એકાઉન્ટમા જમા રાખેલ અને ગત દિવાળીએ કર્મચારીઓને બોનસ ચુકવી દીધેલ ત્યારે ધુંઆપૂંઆ થયેલ ડી.જી.નાકરાણી અને એમ.જે સોલંકીના સંચાલકો દ્વારા એચડીએફસી બેંક સાથે સાંઠગાંઠ કરી ક્ષય અધિકારીના તાબામાં આવતા કડાણા, બાકોર, ગોઠીબ, ચુથાના મુવાડા, ડીટવાસ ના સામુહિક આરોગ્ય કેન્દ્રો, જીલ્લા ક્ષય કચેરી લુણાવાડા, જીલ્લા તાલીમ કેન્દ્ર લુણાવાડાના આઉટસોર્સિંગ કર્મચારીઓનો નવેમ્બર ૨૦૨૧ થી પગાર રોકી રાખી કર્મચારીઓના ચુકવાઈ ગયેલ બોનસ સહિત, લીવ ઓન કેશ અને ડ્રેસ વોશિંગના નાણા કર્મચારીઓની જગ્યાએ એજન્સીઓને ચુકવવા માંગણી કરી હતી ત્યારે એજન્સીઓની દાદાગીરીને તાબે ન થતા જીલ્લા ક્ષય અધિકારીએ જાતે એજન્સીઓ વિરુદ્ધ તપાસ કરી નાણાકીય ઉચાપત કરનાર એજન્સીઓના કોન્ટ્રાક્ટ રદ કરવા વિભાગીય નાયબ નિયામકશ્રી વડોદરાને રજુઆત કરેલ જો કે એજન્સીઓના પિઠ્ઠુ મનાતા વિભાગીય નાયબ નિયામક દ્વારા કૌઈ કાર્યવાહી ન થતા આજે ગુજરાત જનતા જાગૃતિ મંચ દ્વારા મુખ્યમંત્રીને અને અગ્ર સચિવને રજુઆત કરી કર્મચારીઓનો બાકી પગાર ચુકવવા તેમજ એજન્સીઓને બ્લેક લિસ્ટ કરવાની માંગ સાથે ઈમાનદાર વ્યક્તિને વડોદરાના વિભાગીય નાયબ નિયામક તરીકે નિયુક્ત કરવા રજુઆત કરવામા આવી હતી.

ગુજરાત જનતા જાગૃતિ મંચના રજનીકાંત ભારતીયે જણાવ્યું હતું કે આઉટસોર્સિંગ એજન્સીઓ ડી.જી.નાકરાણી અને એમ.જે સોલંકી દ્વારા છેલ્લા છ વર્ષમાં કર્મચારીઓના પગાર બોનસ લીવ ઓન કેસ અને ડ્રેસ વોશિંગના નાણામાં લગભગ પ્રતિ કર્મચારી દોઢ લાખ રૂપિયાની ઉચાપત થઇ છે એમ છતાં જીલ્લાથી લઈને ગાંધીનગર સુધીના ભષ્ટ અધિકારીઓ એજન્સીઓને છાવરી રહ્યા છે ત્યારે આવા ભષ્ટાચારી અધિકારીઓ વિરુદ્ધ ટુંક સમયમાં અભિયાન ચલાવવામાં આવી એમને જાહેરમાં ખુલ્લા પાડવામાં આવશે.

# રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દાહોદ દ્વારા ૦૩/૦૪/૨૦૨૨ના રોજ અભ્યાસ વર્ગ યોજાયો



અભેસિંહ રાવલ દાહોદ

આ વર્ગમાં અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષજી અને ગુજરાતના પ્રભારી મોહનજી પુરોહિત, રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાતના પ્રાંત અધ્યક્ષ અને પ્રાથમિક સંવર્ગના રાષ્ટ્રીય સચિવભીખાભાઇ પટેલ તથા રાજયના સંગઠન મંત્રી ઘનશ્યામભાઈ પટેલ , પ્રાંત વરિષ્ઠ ઉપાધ્યક્ષ અરૂણભાઇ જોશી,રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના પ્રાંતના બૌદ્ધિક પ્રમુખ કૈલાશભાઈ ત્રિવેદી , ગુજરાત યુનિવર્સિટીમાં સંસ્કૃત વિભાગમાં આસિસ્ટન્ટ પ્રોફેસર તથા સંસ્કૃત ભારતી ગુર્જર પ્રાંતના પ્રચાર પ્રમુખ અતુલભાઈ ઉનાગર, આ પ્રાંત ઉપાધ્યક્ષ સરદારભાઈ મછાર, ગુજરાતના પ્રાંત મહિલા ઉપાધ્યક્ષ પલ્લવીબેન પટેલ , મધ્ય સંભાગ ના સંગઠન મંત્રી અનિરુદ્ધ પટેલ, પ્રાંત આંતરીક ઓડીટર દિનેશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા.કુલ ૭ સત્રો દ્વારા રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ની કાર્યપદ્ધતિ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ,માતૃશક્તિ ની સંગઠનમાં ભૂમિકા અને વિસ્તાર, પદાધિકારીઓ અને કચેરી સાથેનો વ્યવહાર, સંઘ અને સંઘવૈચારિક સંગઠનનો સંબંધ, સંગઠનમાં વિવિધ જવાબદારીનું વહન અને કાર્યકર્તા ની સભાનતા,વિષય પર કાર્યકર્તાઓને માર્ગદર્શન આપવામાં આવ્યું. અને સંગઠનને વધુ મજબૂત કરવા નો પ્રયત્ન કરવાનો મંત્ર આપવામાં આવ્યો. .સાથે આ વર્ગમાં પ્રાથમિક ,માધ્યમિક ,ગ્રાન્ટેડ ના કુલ મળીને જિલ્લાના ૨૫૦ જેટલા જવાબદાર કાર્યકર્તા હાજર રહ્યા.

અભ્યાસ વર્ગના ઉદ્ઘાટન સત્ર મુખ્ય અતિથિ તરીકે સંત પ્રસાદ સ્વામી, મુખ્ય વક્તા તરીકે અખિલ ભારતીય રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ મોહનજી પુરોહિત અને સત્રાના અધ્યક્ષસ્થાને દાહોદ જિલ્લાના શિક્ષણાધિકારી મયુરભાઈ પારેખ સાહેબ ની અધ્યક્ષતા માં થયુ.

મોહનજીએ ઉદ્ઘાટન સમારંભમાં અભ્યાસ વર્ગનુ મહત્વ વિશે ખૂબ જ સુંદર માર્ગદર્શન આપતા જણાવ્યું કે રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ એ વૈચારિક પ્રતિબદ્ધતા ધરાવતું એક અનોખું સંગઠન છે અને આથી જ અભ્યાસ વર્ગમાં કાર્યકર્તાનુ ઘડતર કરી અને સંગઠનના કાર્યક્તાના નિમાર્ણ નું કાર્ય એ અભ્યાસ વર્ગના માધ્યમ થી જ શક્ય છે.

બીજા સત્રમાં ના પ્રાંત અધ્યક્ષ અને રાષ્ટ્રીય સચિવ ભીખાભાઈ પટેલે મહાસંઘ ની કાર્યપદ્ધતિ વિશે જણાવતા કહ્યું કે રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ એ રાષ્ટ્રના હિત માં શિક્ષા .. શિક્ષા કે શિક્ષક...અને શિક્ષકના હિતમાં સમાજ ... ના ધ્યેય સૂત્ર સાથે કાર્ય કરતું એક અનોખું સંગઠન છે.

મોહનજી એ સંગઠનના પદાધિકારીઓ અને કચેરી સાથે વહેવાર કઈ રીતે કરવો એ બાબતે ખૂબ જ અદભુત માર્ગદર્શન પુરુ પાડ્યું.

પ્રાંત સંગઠન મંત્રી ઘનશ્યામભાઈ પટેલ દ્વારા આદર્શ કાર્યકર્તા ના ગુણ વિશે સમજ આપવામાં આવી.

અતુલભાઇ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ વિશે કહ્યું કે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ એ રાષ્ટ્ર સેવા કરવા માટેની ગીતા છે જે શિક્ષકને તેના કર્તવ્યપથ નું દર્શન કરાવે છે. જેના થકી દરેક શિક્ષક રાષ્ટ્રની સેવા કરી ભારતના ભાવિ નું ઘડતર કરી ભારતમાતાને

પરમ વૈભવ સુધી પહોંચાડી અને દરેક નાગરિકમાં રાષ્ટ્રીય ભાવના જાગૃત કરવાનું છે.

રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ની કાર્યપદ્ધતિ વિશે અધ્યક્ષ ભીખાભાઈ દ્વારા વિવિધ ઉદાહરણો દ્વારા ખુબ સુંદર રીતે પાથેય પ્રદાન કરવામાં આવ્યું.

પલ્લવીબેન પટેલ દ્વારા માતૃશક્તિની સંગઠનમાં ભૂમિકા અને વિસ્તાર વિષય ઉપર માર્ગદર્શન પુરુ પાડવામાં આવ્યું.

પ્રાંત વરિષ્ઠ ઉપાધ્યક્ષ અરુણભાઈ એ સંગઠનમાં કાર્યકર્તાની ભૂમિકા વિષય ઉપર સુંદર માર્ગદર્શન આપ્યું.

સમાપન સમારોહમાં મોહનજીએ કહ્યું કે કાર્યકર્તા માં અથાહ ધૈર્ય અને ગહન ચિંતન હોવું જોઈએ અને કાર્યકર્તાનું કર્મ ચિંતનથી યુક્ત અને અહંકાર રહિત હોવું જોઈએ. સંગઠન યાત્રા એ માનવથી મહામાનવ બનવાની યાત્રા છે. સંગઠન કાર્ય એ ઈશ્વરીય કાર્ય છે અને દરેક કાર્યકર્તાએ પૂર્ણ મનોયોગથી સંગઠન કાર્યમાં લાગી અને સંગઠનનું આદેશ એ ઈશ્વરનો આદેશ છે એ માંની અને કાર્ય કરવું જોઈએ. સમગ્ર વર્ગ ને સફળ બનાવવા દાહોદ તાલુકાના કાર્યકર્તા નો સવિશેષ સહકાર રહ્યો.



મહીસાગર ના લુણાવાડા ના મોતીબાગ પાર્ટી પ્લોટ મા મહીસાગર. દાહોદ જિલ્લાના પ્ર જાપતિ સમાજના અડતાલીસ ભજન મંડળો દ્વારા બે દિવસ ના અખંડ ભજન કરી આશરે ચાર હજાર જેટલા ભક્તો જોડાયા સવારે મોટી સદગુરુ ગાદીની શોભાયાત્રા થઈ જેમાં મોટી સંખ્યામાં ભક્તો જોડાયા. ડૉ. પ્રવિણભાઈ પ્રજપતિદ્વારા ભોજન લહાવો લીધો.મોતી બાગ પાર્ટી પ્લોટ ના માલિક એસ એમ ખાટ સાહેબે ફ્રી સેવા આપી ધામ ધૂમ થી કાર્યક્રમ પુરો થયો.

રિપોર્ટ. ભીખાભાઈ માછીમહીસાગર.

## વંથલીના સાંતલપુરધાર પાસેથી વધુ બે જામગરી બંદૂક સાથે બે ઝડપાયા



વંથલી પોલીસ સ્ટેશનના જાંબાઝ મહિલા પીએસઆઇ એ.પી.ડોડીયા અને પોલીસ સ્ટાફે બાતમીના આધારે સાંતલપુરધારથી આગળ ખારામા કરીમશા પીરની દરગાહ પાસે આરોપી સીદીકભાઇ અબ્દુલભાઇ જુણેજા (ઉ.વ.૪૨, રહે.સાંતલપુરધાર તા.વંથલી)ને જાહેરમાં વગર લાયસન્સે દેશી હાથ બનાવટની જામગરી નંગ-૧ કિ.રૂ. ૧,૫૦૦ ના મુદામાલ સાથે ઝડપી લીધો છે. તેમજ પોલીસે સાંતલપુરધારથી આગળ સાકરીયા ઘુના પાસે આરોપી ઈકબાલ સુલેમાનભાઇ ખારી (ઉ.વ.૨૩ રહે.સાંતલપુરધાર તા.વંથલી)ને પણ જાહેરમાં વગર લાયસન્સે દેશી હાથ બનાવટની જામગરી નંગ-૧ કિ.રૂ. ૧,૫૦૦ ના મુદામાલ સાથે ઝડપી લીધો હતો.

તસ્વીર- અહેવાલ-જીજ્ઞેશ પટેલ માણાવદર

## ચાણસ્મા પોલીસ દ્વારા ફૂટ પેટ્રોલિંગ યોજાયું

રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો

ચાણસ્મા પોલીસ મથકના જાગૃત પી.આઈ શ્રી આર.એમ વસાવા ના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ રમીલાબેન મકવાણા દ્વારા ચાણસ્મા શહેરના વિવિધ વિસ્તારોમાં ફરી કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે જાગૃતિ ના અભિયાન રૂપે તેમજ કોઈ ટ્રાફિક ન થાય તે માટે આજરોજ ફુટ પેટ્રોલીંગ હાથ ધરવામાં આવ્યું હતું

પ્રાપ્ત થતી વિગતો મુજબ સમગ્ર પાટણ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહી છે ત્યારે ચાણસ્મા પંથક માં પણ પૂરેપૂરી કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહી છે ત્યારે આજરોજ પી.આઈ શ્રી આર.એમ વસાવા સાહેબના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઇ રમીલાબેન મકવાણા દ્વારા સમગ્ર ચાણસ્મા શહેરના વિવિધ વિસ્તારો જેવા કે સરદાર ચોક, મુખ્ય બજાર, બસ સ્ટેશન સહિતના વિસ્તારોમાં ફુડ પેટ્રોલીંગ હાથ ધરી ટ્રાફિક જામ કરતા વાહનચાલકોને નિયમોનું પાલન કરવા સમજણ આપવામાં આવી હતી તેમજ દુકાનદારોને ૫ અજાણાયા લોકો થી સાવધાન રહેવા તેમજ કોઇ એવા તત્વો જણાય તો તાત્કાલિક પોલીસ મથકનો સંપર્ક કરવો તેમ જણાવ્યું હતું તેમજ શાકભાજી ની લારી વાળાઓ ને પણ ટ્રાફિક જામ નઈ કરવાની કડક સૂચના આપવામાં આવી હતી

## વૃદ્ધ,નિરાધાર માવતરોને એપ્રિલ-૨૦૨૨ની રાશનકીટનું વિતરણ



બગસરામાં અને સાપર ગામમાં રહેતા વૃદ્ધ, અશક્ત, નિરાધાર, માવતરો કે જેમની ઉંમર થતા કામ કરી શકતા નથી તેમજ ગંભીર પ્રકારની બીમારી હોય તેવા માવતરોના જીવન નિર્વાહ માટે વિચરતા સમુદાય સમર્થન મંચ સંસ્થા દ્વારા મિત્તલબેન, અને ડિમ્પલબેનના માર્ગદર્શન હેઠળ દર મહિને રાશનકીટ આપવામાં આવે છે જેમાં આ માવતરોને કરિયાણાની બધી જ વસ્તુઓ આપવામાં આવે છે. અમરેલી જિલ્લાના સંયોજક રમેશભાઈ મકવાણા તેમજ ઘનશ્યામભાઈ વાળા દ્વારા એપ્રિલ-૨૦૨૨નું વિતરણ કરવામાં આવ્યું. તમામ માવતરોએ હરખથી આશીર્વાદ આપી અને ખુશી વ્યક્ત કરતા બોલ્યા કે ભગવાન તમારા જેવા મદદરૂપ થનાર સૌનું ભલું કરે...

# પ્રદેશ પ્રમુખ અશોક ઘેલા કચ્છની અધ્યક્ષતામાં ગાંધીનગર ડો.બાબા સાહેબ આંબેડકર હોલ ખાતે કારોબારી મિટિંગ યોજાઇ



ગાંધીનગર જિલ્લા અધ્યક્ષ શ્રી ડૉ ગુલાબચંદ પટેલ અને મહા મંત્રી શ્રી કાંતિભાઈ પટેલ એડ્વોકેટ દ્વારા ગાંધીનગર ડૉ બાબા સાહેબ આંબેડકર હૉલ ખાતે દલિત સેના દ્વારા પ્રદેશ પ્રમુખ શ્રી અશોક ઘેલા કચ્છ ની અધ્યક્ષતા માં ક્રોબારી મિટિંગ યોજાઇ ગઈ ,આ કાર્યક્રમ ની શરૂઆત ડૉ બાબા સાહેબ આંબેડકર ની પ્રતિમા ને ફૂલમલા શ્રી અશોક ઘેલા અને સચિવ શ્રી બાબુભાઇ મેસરવાલા ના હસ્તે અર્પિત કર્યા બાદ કવવામાં આવી હતી, આ કાર્યક્રમ માં શ્રી અશોક ઘેલા પ્રદેશ પ્રમુખ નું સન્માન ફૂલમલા અને સન્માન પત્ર ડૉ ગુલાબચંદ પટેલ અધ્યક્ષ મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થાન દ્વારા અર્પિત કરી સન્માન કરવામાં આવ્યું હતું,આ કાર્યક્રમમાં ડૉ ગુલાબચંદ પટેક નું સન્માન બાબુભાઇ મેસરવાલા તંત્રી શ્રી વોઇસ ઓફ ગાંધીનગર દ્વારા કરવામાં આવ્યું હતું,આ કાર્યક્રમ માં શ્રી પ્રવીણ ભાઈ એસ મુખ્ય સચિવ નું સન્માન પત્ર અને ફૂલમાંલા બાબુભાઇ મેસરવાલા એ એરપીટ કરી સન્માન કરવામાં આવ્યું હતું,શ્રી કાંતિ ભાઈ પટેલ એડ્વોકેટ અને મહા મંત્રી દલિત સેના ગાંધીનગર દ્વારા સન્માન પત્ર અને ફૂલમલા શ્રી નજરૂદીન શેખ એડ્વોકેટ પ્રવકતા અમદાવાદ ને અર્પિત કરી સન્માન કરવામાં આવ્યું હતું,શ્રી ભીખાભાઇ મકવાણા ને ફૂલમલા અને સન્માન પત્ર આપી શ્રી બાબુભાઇ મેસરવાલા એ સન્માન કર્યું હતું,

આ કાર્યક્રમ માં કોરોના મહામારી માં જે પદાધિકારીઓ અને સ્વજનો અવસાન પામ્યા હોય તેઓની શાંતિ માટે બે મિનિટ નું મૌન સૌએ પાલી શ્રદ્ધાંજલી અર્પિત કરી હતી.

આ કાર્યક્રમમાં શ્રી અશોક ઘેલા પ્રદેશ પ્રમુખ ,શ્રી એન એલ પરમાર પૂર્વ સમકિક ન્યાય સમિતિ ચેરમેન,શ્રી નજરુદ્દીન શેખ,કરસનભાઈ પરમાર ,બાબુભાઇ મેસરવાલા અને શ્રી ભીખાભાઇ મકવાણા એ પ્રસંગ ને અનુરૂપ વકતવ્યો આપ્યા હતા.

આ કાર્યક્રમ માં ડૉ ગુલાબચંદ પટેલ પ્રમુખ ગાંધીનગર દ્વારા દલિત સેના વિષે અને તેના ઉદેશો અંગે સૌને જાણકારી આપી હતી.શ્રી કરસનભાઇ પરમાર સાબરકાંઠા જિલ્લા પ્રમુખ,શ્રી મયંકભાઇ શ્રીમાળી મહેસાણા જિલ્લા પ્રમુખ અને દિપક સોનવણે અમદાવાદ શહેર જિલ્લા પ્રમુખ નું ફૂલમલા આપી સંસ્થા દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું,તથા શ્રી ભાવેશ પી આગજા સામાજિક કાર્યકર ,વિપુલ શાહ,અજયકુમાર ચૌધરી ,વસંતભાઇ ભાભી સાબરકાંઠા,મોહનભાઇ પરમાર,ગોવિંદભાઇ એસ રાઠોડ આર કે ચૌહાણ પાઢજ,વિપુલ ડોડીયા,ભાવિનભાઇ પરમાર,મહેન્દ્રભાઇ પરમાર,રમણભાઈ પરમાર સરઢવ(કાલોલ તાલુકા પ્રમુખ ) જયેશ છત્રાલિયા અને સેક્ટર ૧૪ ના સામાજિક કાર્યકર શ્રી મહેન્દ્રભાઈ ચૌહાણ નું ફૂલમલા થી ડૉ ગુલાબચંદ પટેલ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું,આ કાર્યક્રમ નું સંચાલન તંત્રી શ્રી બાબુભાઈ મેસરવાલા વોઈસ ઓફ ગાંધીનગર દ્વારા કરવામાં આવ્યું હતું,

અંતમાં શ્રી કાંતિભાઈ પટેલ એડ્વોકેટ અને મહા મંત્રી દલિત સેના ગાંધીનગર દ્વારા આભાર વિધિ કરવામાં આવી હતી

ડૉ ગુલાબચંદ પટેલ પ્રમુખ
ગાંધીનગર જિલ્લા દલિત સેના મો ૮૮૪૯૭ ૯૪૩૭૭

## જિલ્લા કક્ષાનો "સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમાં ૨૮ એપ્રિલ ૨૦૨૨ રોજ યોજવામાં આવશે

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

જિલ્લા કક્ષાએ "સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ" તા.૨૮/૦૪/૨૦૨૨ (ગુરુવાર)ના રોજ ૧૧.૦૦ કલાકે અરવલ્લી જિલ્લા કલેકટર કચેરી મોડાસા ખાતે યોજવામાં આવશે. જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ અંગેના પ્રશ્નો બે નકલમાં અરજદારશ્રીઓએ ૧૬/૦૪/ ૨૦૨૨ સમય ૧૬:૦૦ કલાક સુધીમાં કલેકટર કચેરી ખાતે મોકલી આપવાના રહેશે. આ કાર્યક્રમમાં કર્મચારીઓની નોકરી અંગેના, કોર્ટમાં કેસો ચાલુ હોય તે બાબતના, ન્યાયિક કે અર્ધન્યાયિક બાબતને લગતા પ્રશ્નો તેમજ આ કાર્યક્રમમાં અગાઉ રજૂ થયેલ પ્રશ્નો ફરીથી રજૂ કરવાનાં રહેશે નહી. વધુમાં, પ્રથમવાર અરજી કરતાં હોય તેવા પ્રશ્ન પણ રજૂ કરવા નહિ તેમજ એક અરજીમાં એક જ પ્રશ્ન મોકલી શકાશે. અરજીના મથાળે સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ માટેની અરજી એમ લખાવાનું રહેશે. અરજી બે નકલમાં જરૂરી પુરાવા સાથે આપવાની રહેશે. એમ જિલ્લા નિવાસી અધિક કલેકટરશ્રી એન.ડી.પરમાર અરવલ્લી દ્વારા એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

## મધ્યાહન ભોજન યોજના અંતર્ગત યોજાયેલ રસોઈ સ્પર્ધાના વિજેતાઓનું કલેકટરશ્રી તથા નિવાસી અધિકકલેકટરશ્રી દ્વારા બહુમાન



મધ્યાહન ભોજન યોજનાની કચેરીની અખબારી યાદી અનુસાર, મધ્યાહન ભોજન યોજના હેઠળ ફરજ બજાવતા માનદ વેતનધારકો જેવા કે સંચાલક/રસોઈયા/મદદનીશ માટે 'રસોઈ સ્પર્ધા' નું તાલુકા કક્ષાએ અને જીલ્લા કક્ષાએ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તાલુકા કક્ષાના પ્રથમ વિજેતાઓએ જીલ્લા કક્ષાની સ્પર્ધામાં ભાગ લીધો હતો.

જીલ્લા કક્ષાની સ્પર્ધામાં જાહેર થયેલા પ્રથમ, દ્વિતીય, અને તૃતીય વિજેતા સંચાલક/રસોઈયા/ અને મદદનીશને નિયત થયેલ ઈનામની રકમ ચુકવવામાં હતી.

જેમાં પ્રથમ ક્રમે ધંધુકા તાલુકાના રોશનબેન એસ ખલીફા વિજેતા થયા હતાં. જ્યારે દ્વિતીય ક્રમે બાવળા તાલુકાના શિલ્પાબેન આર વાલાણી અને તૃતીય ક્રમે ધોળકા તાલુકાના પુષ્પાબેન પરમાર વિજેતા થયાં હતાં. આ તમામ વિજેતાઓનું માન. કલેકટરશ્રી, તથા નિવાસી અધિક કલેકટરશ્રીના હસ્તે પ્રમાણપત્ર તથા ઈનામના ચેક આપીને બહુમાન કર્યું હતું.

## Welcoming Chairman of African Paralympic Committee to Bedfordshire



( R ) Cllr Maria Lovel MBE, Former Mayor of Luton; Deputy Mayor of Luton Cllr Gulam; Mr Samson Deen, President of African Paralympic Committee, Hon Deputy Minister for Youth and Sports of Ghana with Hon Eric Masih, the High Sherriff of Bedfordshire and Buddhdev Pandya MBE, publisher of Healthcare Medical Journal at Inspire Sports Village, Luton on 31st March 2022.

Published by Gujarat UK Journal

### બાવળા નગરમાં ચાલતા ગોપી મંડળના સાથ અને સહકાર થી

## વાણિયાવાડ માં સંત સિરોમણી બજરંગ દાસ બાપાની નવી મઢુલી બનાવામાં આવેલ

આ બાબતે વધારે જાણકારી મળતાં જાણવા મળેલ છે કે બાવળા નગરમાં વાણિયાવાડ માં ગોપી મંડળ દ્વારા આયોજીત નવી મઢુલી બનાવામાં આવેલ જેનો શુભ આરંભ નિમિત્તે નગરના વિવિધ વિસ્તારોમાં શોભાયાત્રા નક્કી કરવામાં આવેલ વિસ્તારમાંથી નિકળેલા આ ફંડ નગરયાત્રા માં નગરના વિવિધ નાગરિકો માં ડો હરેશભાઈ પટેલ હર્ષદભાઈ પટેલ બાપા સીતારામ ભજન મંડળ ના પ્રમુખ રામચંદ્રભાઈ પટેલ ધર્માદા સંસ્થા બાવળા તથા નગરની ધર્મ પ્રેમિ ભાઈ તથા બહેનો મિત્રો આમંત્રિતો સાથે શોભાયાત્રા નાચ ગાન અને બાપાના જય ઘોષ સાથે નિકળેલ હતી કર્મકાડી બ્રાહ્મણો એ મંત્રોચ્ચાર સાથે વિધિ પુજા અર્ચના કરવામાં આવેલ હતી આ નગર યાત્રા દરમિયાન વિવિધ વિસ્તારોમાં શોભાયાત્રા નું ઠેર ઠેર સ્વાગત કરવામાં આવેલ હતું નગર યાત્રા પુર્ણ થયા બાદ પટેલ વાડી ખાતે પ્રસાદ ની વ્યવસ્થા કરવામાં આવેલ હતી



આહવા ખાતે ચૈત્રી નવરાત્રિના પાવન અવસર નિમિત્તે રંગ ઉપવન ખાતે તા.૦૨/૦૪/૨૦૨૨ થી ૧૦/૦૪/૨૦૨૨ સુધી પૂજ્ય અનીલબાપુ (ધરમપુર વાળા ) દ્વારા સુન્દર દેવી ભાગવત કથાનું સુન્દર એવું આયોજન કરવામાં આવ્યું છે જેનો લાભ લેવા ગ્રામજનો ને ભાવભીનું આમંત્રણ આપવામાં આવ્યું છે જેનો લાભ લેવા વિજયભાઈ પટેલ, મંગળભાઈ ગવિત, દશરથભાઈ પાવર સાધ્વી યશોદા દીદી તેમજ પી.પી.સ્વામી ઉપસ્થિત રહ્યા હતા.

નરેન્દ્ર પવાર,ડાંગ

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.